


# સનાતન સારથિ ગુજરાતી

નવેમ્બર - ૨૦૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦

# યુનાઈટેડ નેશન્સ (ECOSOC) દ્વારા શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટને વિશિષ્ટ સલાહકાર નો દરજ્જો પ્રદાન

શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટને, તેના અતુલ્ય અને અજોડ એવા માનવતા (સેવા)ના કાર્યો બદલ યુનો (ECOSOC)એ ટ્રસ્ટને "વિશિષ્ટ સલાહકાર" (પરામર્શ કરવા યોગ્ય)નું સ્થાન આપી, ટ્રસ્ટને એક વૈશ્વિક માન્યતા પ્રદાન કરેલ છે. કમિટી ઓન એનજીઓ દ્વારા કરાયેલ ભલામણને આધારે, ૨૪ જુન ૨૦૨૦ ના રોજ યુનાઇટેડ નેશન્સ ઇકોનોમિક અને સોશિયલ કાઉન્સિલ (ECOSOC) દ્વારા ટ્રસ્ટને આ વિશિષ્ટ સ્થાન અર્પણ કરાયું. યુનાઇટેડ નેશન્સની છ મુખ્ય પાંખો પૈકી એક છે (ECOSOC),- જે આંતરરાષ્ટ્રીય સ્તરના આર્થિક અને સામાજિક પ્રશ્નો અંગે ચર્ચા વિચારણાને અંતે, તે અંગે જે નીતિ નક્કી કરે છે,- જે તેના સભ્ય દેશો અને યુનાઈટેડ નેશન્સ સિસ્ટમને (પાલન કરવા) કહે છે-એક કેન્દ્રીય અંગ છે.

શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટને કરાયેલા આ વિશિષ્ટ સલાહકાર દરજ્જાને આધારે, ટ્રસ્ટ, ECOSOC અને એની પેટા પાંખો સાથે સક્રિય સંપર્ક રાખી શકે છે, તેમજ યુનાઇટેડ નેશન્સ સેક્રેટરીયટ, એના કાર્યક્રમો અંગે તેની એજન્સીઓ સાથે અનેક રીતે કાર્યરત રહી શકે છે. પાછલા અનેક વર્ષોમાં ટ્રસ્ટ દ્વારા સામાજિક સેવા માટે, આર્થિક ઉદ્ધાર માટે જે કાંઈ બૃહદ/વિશાળ પાયે કાર્યો કરવામાં આવ્યા છે, અને હજુ પણ સક્રિય કાર્ય ચાલુ જ છે, તે આધારે, ટ્રસ્ટ હવે ECOSOC ને રજૂઆતો/સૂચનો કરી શકે છે.

ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ એમનો વૈશ્વિક પ્રેમ અને સેવાનો સંદેશો, વિશ્વભરમાં કરોડો લોકો સુધી પહોંચાડવા માટે, આ એક કિંમતી તક આપી છે.

## ઓક્ટોબર ૨૦૨૦ દરમ્યાન, ગુજરાત રાજયમાં થયેલ સાઈ પ્રવૃત્તિઓનું ટૂંકુ વિવરણ

ગુજરાતના ૯ જીલ્લાઓમાં, ૧૯ સમિતિઓ દ્વારા, ઓનલાઇન ભજન, ઓનલાઇન બાલવિકાસ, નગર સંકીર્તન, નારાયણ સેવા (ફુડ પેકેટસ્), મેડીકલ કેમ્પસ, જેવી વિવિધ પ્રવૃત્તિઓ આયોજવામાં આવી. આવી કુલ ૧૧૧ પ્રવૃત્તિઓમાં ૩૧૯ ભાઇઓ અને ૩૯૪ બહેનો એ સહયોગ આપ્યો; જ્યારે ૪૨૦૯ લાભાર્થીઓને આ પ્રવૃત્તિનો લાભ થયો.

**વિશેષ પ્રવૃત્તિઓ :-**

- સુરત, બારડોલી, વડોદરા અને ભાવનગર ખાતે, ગરીબો-જરૂરત મંદોને કુલીઓને અમૃત કલશમ્ કીટસ નું વિતરણ
- બારડોલી સમિતિ દ્વારા કાંતાલી ગામના બાળકોને મસાલાભાતનું જમણ,
- ભાવનગર સમિતિ દ્વારા બગીચામાં ૧૦ ડસ્ટબીન મુકવામાં આવ્યા.
- સુરત સમિતિ દ્વારા ..... સંસ્થાની ૨૦ બહેનોને સાડી, ૯ દિકરીઓને ડ્રેસ અને ૧૯૦ દિકરાઓને પેન્ટ-શર્ટ આપવામાં આવ્યા.

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઈ ટ્રસ્ટ ગુજરાત વતી અને**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૦**
**અંક : ૩૩૭**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦
૨૫$ અથવા ૧૮£

**લવાજમ ની રકમ**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના નામે ચેક અથવા ડ્રાફ્ટથી મોકલવી**



**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
“સાઈ આરોહ”
એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઈ ચોકડી પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

સંપર્ક માટે :
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com


ટાઇટલ પેજ ફોટોગ્રાફ
**ભગવાન શ્રી સત્ય સાઈ બાબા**



હું જો કાંઈ ન કરૂ તો મને પૂછનાર કોઈ નથી. હું જો કોઈ પ્રવૃત્તિમાં વ્યસ્ત ન થાઉ તો મારે કાંઈ ગુમાવવાનું નથી. તેમ છતાં, તમે જુઓ છો કે હું સક્રિય (એક્ટીવ) છું. તેનું કારણ છે; તમારા માટે, તમને દાખલો બેસાડવા માટે, તમને પ્રેરણા આપવા માટે, તમને (તાલીમ આપી) તૈયાર કરવા માટે મારે કાંઈકને કાંઈક કરતા જ રહેવું જોઈએ. જેઓ નેતૃત્વ કરેછે-લીડર છે તેમણે આ અનુસરવું જોઈએ. અન્યોએ શું કરવું જોઈએ-એની અપેક્ષા રાખનારાઓ જે આદેશો આપતા રહે છે, તેમણે પોતે તે પ્રમાણે પહેલાં કરવું જોઈએ. હું પ્રવૃત્તિમાં મારી જાતને પરોવું છું જેથી કરીને દરેક ક્ષણનો યોગ્ય સદ્ઉપયોગ કરીને તમે ઈશ્વરત્વની ઊંચાઈને પામી શકો.

**-શ્રીસત્યસાઈ**

## અનુક્રમણિકા...


પા.નં.

૪ રાજ્ય પ્રમુખનો સંદેશ...

૫ સાઈ સર્વોચ્ચ ઉપદેશક-ગુરુ છે - અવતારવાણી

૮ પરિત્યાગ એ આધ્યાત્મિક સાધનાની પ્રગતિ માટે આવશ્યક સદગુણ છે. - જન્મદિન સંદેશ

૧૨ ભગવાનના પોતાના સેવાદળ દ્વારા અભૂતપૂર્વ સેવા - આર.જે.રત્નાકર

૧૬ જીવન પ્રેમ છે - તેને વહેંચો - ડો. નરેન્દ્રનાથ રેડ્ડી

૨૩ ભગવાન જે હદય નિવાસી છે તેજ સાચા સનાતન સારથિ છે - નિમિષ પંડ્યા

૨૫ ચિન્નકથા (લઘુવાર્તા)

૩૦ વેદ પુરુષ સપ્તાહ જ્ઞાન યજ્ઞ

૩૧ ભગવાન શ્રી સત્ય સાઈ બાબા ની અલૌકિક દુનિયા - એસ. એન.નાગાનંદ

૩૭ તંત્રી સ્થાનેથી


આપને અંક ન મળે તો પોસ્ટ દ્વારા જાણ કરવા વિનંતી. આપની પોસ્ટ ઓફીસમાં પણ તપાસ કરશો. સનાતન સારથિ દર માસની ૨૦મી તારીખે રવાના કરાય છે.

# રાજ્ય પ્રમુખનો સંદેશ...

ભગવાન શ્રી સત્ય સાઈબાબાના ચરણકમળમાં કોટી કોટી વંદન

સૌને સાઈરામ

સનાતન સારથિ ના માધ્યમથી આપ સૌ દિવ્યાત્મસ્વરૂપ સાઈભક્તોને મળતા મને ઘણો જ આનંદ થાય છે. સ્વામીની અસીમ કૃપાથી આ સામયિકનું પ્રકાશન કાર્ય, ડાકોરથી આશરે ૨૫ થી વધુ વર્ષો બાદ, વડોદરા ખાતે આવ્યું છે. આ સામયિક, હવે સમગ્ર ગુજરાત રાજ્યની પ્રવૃત્તિ બની ગયેલ છે. સમગ્ર ગુજરાતમાંથી અનુવાદકો અને ટંકણકો (ટાઈપીસ્ટસ્) ની ટીમ આના પ્રકાશન પાછળ કાર્ય કરી રહી છે. એ સર્વેને મનઃપૂર્વક આભારના ભાવ સાથે સાઈરામ પાઠવું છું.

ચાલુ માસે જ દિપાવલી, બેસતુ વર્ષ અને સ્વામીનો ૯૫ મો જન્મોત્સવ આવી રહ્યો છે. **આ પર્વ ઉપર આપ સૌને હાર્દિક શુભકામનાઓ અને ભગવાનને ચરણે પ્રાર્થના કે આપણને કૃપાપાત્ર બનાવવા આશીર્વાદ આપે અને આપણને એમની છત્રછાયામાં રાખે.**

આપણે સૌ સ્વામીને ભગવાન તરીકે / અવતાર તરીકે માનીએ છીએ-પૂજીએ છીએ. પરંતુ આપણા જીવનનું સારથિત્વ આપણે એમને સોંપ્યું છે ખરૂં? પાછલા ઘણા વર્ષોથી, અનેક મહાનુભવોએ અને ચાલુ અંકમાં પણ AIP સહિત જુદા જુદા દિગ્ગજોએ ભગવાનને સારથ્ય સોંપવાની વાત કરી છે.

બેસતા વર્ષથી શરૂ થતાં નવા વર્ષમાં આ મુદ્દા ઉપર આપણે ચિંતન કરવાનું છે.

એક ઠેકાણે, એક મદારીનો ખેલ ચાલતો હતો. બે બાજુ ક્રોસ બાંબુ ઉપર ૧૫ ફુટ ઉંચે જાડી દોરી બાંધી હતી જેની ઉપર મદારી ચાલવાનો હતો. એનો ખેલ જોવા નાના-મોટા સૌ કોઈની હકડેઠઠ ભીડ જામી હતી. મદારી ઉપર ચડ્યો, સંતુલન જાળવવા એક મોટો બાંબુ હાથમાં પકડ્યો, નીચે ઢોલકી ધનાધન વાગવા લાગી અને મદારીએ ચાલવાનું શરૂ કર્યું. બધાના શ્વાસ અધ્ધર. એમાંએ આશ્ચર્યની વાત એ હતી કે તેણે પીઠ ઉપર તેનું બે વર્ષનું બાળક બાંધ્યુ હતું. એટલે જોનારાના જીવ ઉચાટે ચડ્યા. હંમેશપ્રમાણે મદારી ચાલી જઈ નીચે હેમખેમ ઉતર્યો. લોકો ખૂબ ખુશ થયા-તાળીઓ વગાડી-બધાએ તેને વધાવી લીધો-ઘણાએ તો સેલ્ફી પણ લીધી. મદારીએ પાણી પીને બધાને પુછ્યું, હવે પેલા છેડેથી આ છેડે હું ફરીથી ચાલી શકીશ? બધાએ એકી અવાજે કહ્યું, "હા હા જરૂર ચાલશો, અમને ખાતરી છે એ માટેની". મદારીએકહ્યું, સારૂં હું ફરી ઉપર ચડી પેલેછેડેથી આ છેડે આવું છું. પરંતુ એક વિનંતી છે, આ વખતે મને તમારામાંથી કોઈ તમારૂ બાળક પીઠ પર બાંધવા આપો". હવે બધા અહીં ચૂપ થઈ ગયા. મદારીએ પૂછ્યું, કેમ ભરોસો નથી? બધાએ હા તો પાડી, તો પછી આપોને ! મદારી બોલ્યો પણ કોઈ તૈયાર ન થયું. મદારી કહે છે તમને વિશ્વાસ છે /ભરોસો છે પણ પૂરેપૂરો ભરોસો નથી. ક્યાંક તો શંકાનો કીડો મનમાં સળવળે છે. તમને મારી ઉપર નિતાંત શ્રદ્ધા હોત તો તમે તમારૂ બાળક મને બિનધાસ્ત સોંપત.

<u>ચિંતનનો મુદ્દો આ જ છે.</u>

**આ વાત આજે એટલા માટે યાદ આવી કે, આપણા જીવનની બાગડોર, આપણા સ્વામી જે આપણા સારથિ છે, તેમને પૂરી નિષ્ઠાથી સોંપીએ.**

**સ્વામી કહે છે,** "હું કાંઇ પણ ન કરૂં તો મને કોઈ બોલવાનું નથી........" પરંતુ સ્વામી પોતે સમગ્ર જીવન સક્રિય રહ્યાં. આ જ સંદેશ સંગઠનના દરેક કાર્યકરે-દરેક ભક્તે અપનાવીને સક્રિય થવાનું છે; આળસ મરડીને ઉભા થવાનું છે. અને દરેક પ્રવૃત્તિ ધમધમતી રાખવાની છે. સ્વામીની જન્મશતાબ્દીની ભવ્ય ઉજવણી માટે, ચાલો, આપણે આ વર્ષથી જ તૈયાર થઈએ.

ફરી એકવાર શુભકામનાઓ સાથે સૌને જય સાઈરામ

**હેમંત ડી. પટેલ**
**રાજ્ય પ્રમુખ**
**શ્રી સત્ય સાઈ સેવા સંગઠન, ગુજરાત**

અવતારવાણી

# સાઈ સર્વોચ્ચ ઉપદેશક–ગુરુ છે
# સત્યાનુસરણ કરી દિવ્ય પ્રેમનો સ્વાનુભવ કરો

**દિવ્ય પ્રેમ સ્વરૂપો !**

સમગ્ર વિશ્વ એક નાટક છે જેમાં એકે એક વ્યક્તિ અભિનેતા છે અને ભગવાન દિગ્દર્શક છે. અભિનેતાઓ અને તમામ દ્રશ્યોની રચના કરનારા અન્ય કોઈ નહીં પણ ભગવાન જ છે. પ્રત્યેક માનવી, તેના સાહજિક ગુણ તરીકે પ્રેમ હોવા સાથે દિવ્યતાનો એક તણખો છે. તમામ જીવાત્માઓનું લક્ષ્ય આ દિવ્યતાનો અનુભવ કરીને પ્રગટ કરવાનું છે.

**જીવનનો સાચો અર્થ છે પ્રેમ.**

જીવનના આ સાર્વત્રિક નાટકમાં દરેક વ્યક્તિ પ્રેમ અભિવ્યક્ત કરવા અભિનય કરે છે અને પરિવર્તનનો અંત પ્રેમ સ્વરૂપ બનવાનો છે. આ પરિવર્તનનો પ્રથમ તબક્કો માહિતી (જ્ઞાન) છે, અને જીવનમાં એકઠી કરેલી આ માહિતી પરિવર્તનની પરાકાષ્ઠાએ પહોંચે છે. ભગવાને પ્રત્યેક જીવનું પ્રેમથી સર્જન કર્યું છે, પરંતુ, દુર્ભાગ્ય એ છે કે મનુષ્ય પ્રેમપૂર્વક પોતાની ભૂમિકા અદા કરવાનું વિસરી ગયો છે. આજીવનરૂપી નાટકમાં દરેક વ્યક્તિએ પોતાની અદાકારી સારી રીતે નિભાવવાની છે અને દિવ્ય પ્રેમની ગુણવત્તા અભિવ્યક્ત કરવાની છે.

આ વાતને સમજાવવા એક વાર્તા છે: એક દિવસ ગંગાનદીમાં એક સંન્યાસી સ્નાન કરી રહ્યો હતો ત્યારે તેણે એક વીંછીને જોયો. તેને એવું લાગ્યું કે આ નામ અને સ્વરૂપધારી ભગવાન છે-એટલે તે વીંછીને બચાવવા માંગતો હતો. આથી, તેણે વીંછીને પોતાની હથેળીમાં લીધો, પણ વીંછીએ ડંખ મારતાં જ તેને પાણીમાં ફેંકી દીધો. તેને પશ્ચાતાપ થયો. તેણે ફરીથી વીંછીને ખોબામાં ઊંચકી લીધો. આવું તેણે વારંવાર કર્યું અને તે દરમ્યાન વીંછી તેને પાંચ-છ વખત કરડયો પણ ખરો. યદ્યપિ, તે તેની દયાભાવનાને વળગી રહ્યો અને છેવટે એક સૂકી જગ્યાએ વીંછીને જીવતો છોડી દીધો. સંન્યાસીની આટલી બધી મૂર્ખામીભરી સહાનુભૂતિ બદલ આ દ્રશ્ય જોનારાઓ તેની હાંસી ઉડાવવા લાગ્યા. સંન્યાસીએ તેઓને જણાવ્યું કે વીંછીએ તેને એક બોધપાઠ શીખવ્યો છે અને તે માટે તે વીંછીનો ઋણી છે. લોકોએ પૂછ્યું, "શું?" તેણે જવાબ આપ્યો, ''ગમે તે થાય, તમારે તમારા સાહજિક સ્વભાવને વળગી રહેવાનું છે એવું મને શીખવ્યું છે. તેનો સ્વભાવ ડંખ મારવાનો છે- કોને અને ક્યારે? તે વિષે વીંછી વિચારતો જ નથી. પરંતુ, મનુષ્યનો સ્વભાવ પ્રેમ કરવાનો છે. એક જીવજંતુ તરીકે તે તેનો સ્વભાવ છોડતો નથી તો એક માનવી તરીકે મારે મારો સ્વભાવ કેમ છોડવો જોઈએ?" તમારો સ્વભાવ ભૂલશો નહીં અને પ્રેમથી વેગળા થશો

નહીં. પ્રેમને લોભ કે ક્રોધમાં પરિવર્તિત કરશો નહીં. આખી દુનિયાને પ્રેમની જરૂર છે. એક વખત ગોપિકાઓએ કૃષ્ણ ભગવાનને પ્રાર્થના કરી હતીઃ ' હે કૃષ્ણ ! આપની મધુરી બંસરી વગાડીને પ્રેમવિહીન હૃદયોરૂપી રણમાં પ્રેમરૂપી બીજનું વાવેતર કરો. પૃથ્વી પર પ્રેમરૂપી વર્ષા થવા દો અને પ્રેમરૂપી સરિતાઓ વહેવા દો.' (તેલુગુ ગીત). તમારું સઘળું જીવન પ્રેમથી ભરી દો. જીવનનો સાચો અર્થ પ્રેમ છે. પ્રેમ જીવન માટે અત્યાવશ્યક છે. મનમાં પ્રેમ અને હૃદયમાં કરુણા ભરી દો. પરંતુ, આજે મનુષ્ય પ્રેમનો ખરો અર્થ સમજતો નથી અને આનંદ-પ્રમોદ માટેના પ્રેમમાં રચ્યોપચ્યો રહે છે. જે કંઈ પણ દુન્વયી (વસ્તુઓ) છે તે તમામે તમામ હંગામી, ક્ષણિક અને ક્ષણભંગુર છે. અગાઉ મહિલાઓ 'હું ભગવાન છું' એવું ગીત ગાતી હતી. દરેક વસ્તુ ભગવાનનું સ્વરૂપ છે અને ભગવાનના તો અનેકાનેક સ્વરૂપો છે. જ્યારે આ સત્યમાં દ્રઢ વલણ હશે ત્યારે તેના હૃદયમાંથી, સ્વાભાવિક રીતે જ, પ્રેમ-પ્રવાહ વહ્યા વિના રહેશે નહીં. જન્મથી છેક મૃત્યુ સુધી મનુષ્ય સુખની શોધમાં જ ભમ્યા કરે છે. એક વિદ્યાર્થી ત્યારે જ આનંદ-સુખમાં હોય છે જ્યારે તે શાળામાં પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને ઉપલા વર્ગમાં જાય છે. પરંતુ આ આનંદ ક્યાં સુધી ટકી રહે છે? પછી, તે યુનિવર્સિટીમાં પ્રથમ આવવા ઇચ્છે છે; પ્રથમ આવતાં તે આનંદ અનુભવે છે. થોડા સમય પછી, પોસ્ટગ્રેજ્યુએટ ડિગ્રી હાંસલ કરવા માંગે છે. તે પણ તે પ્રાપ્ત કરે છે અને આનંદિત થઈ જાય છે- તે આનંદ પણ ક્યાં સુધી? ત્યાર બાદ, તે નોકરી મેળવવા અને પછી પત્ની મેળવવા ઇચ્છે છે; તે બધું પ્રાપ્ત થયા પછી તે આનંદમાં રહે છે. - તે આનંદ પણ ક્યાં સુધી? વળી, તેને પુત્ર અને પછી પુત્રીની વાંચ્છના જાગે છે. બસ, આ પ્રમાણે, એક પછી બીજી વસ્તુની ઝંખના કરતો કરતો નિવૃત્ત થાય ત્યાં સુધી આનંદ અને સુખ માટે ફાંફા મારતો રહે છે. આમ દુન્યવી આનંદ આવે છે અને જાય છે; તે હંગામી છે. જો કાયમી આનંદ જોઈતો હોય તો તે માત્ર આધ્યાત્મિક આનંદ જ છે. તે આત્મામાંથી આવે છે. દુનિયાનો કોઈ પણ આનંદ પરમાનંદની તોલે આવી શકે નહીં.

સત્યના રાહે જીવેલું જીવન પરમાનંદથી ભરપૂર હોય છે. સત્ય એટલે શું? સત્ય ત્યારે જ પ્રતીત થાય છે જ્યારે તમે નિઃસ્વાર્થ પ્રેમ પ્રગટ કરો. માટે, મનુષ્યનું જીવન પ્રેમ સભર હોવું જોઈએ. પ્રેમ રહિત હૃદય વિષથી ભરેલું છે. તમે સ્મિત કરો અને હલ્લો બોલો છો, પણ તે માત્ર દેખાડો છે; તેમાં સચ્ચાઈ નો અભાવ છે. આજે મનુષ્ય આવી કૃત્રિમ વર્તણૂક કરે છે અને જૂઠાણાંનો આશરો લેતો હોય છે. દાખલા તરીકે, જો તમારો હાથરૂમાલ પડી જાય અને તે ઊઠાવીને કોઈ

તમને પાછો આપે તો તમે તેનો આભાર માનો છો, પરંતુ તે આભાર બનાવટી જ છે. ફક્ત વિશુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમ જ દિવ્ય છે- અન્ય તમામ પ્રેમ કૃત્રિમ છે.

**આપનું ખરું સ્વરૂપ જ સર્વોચ્ચ પરમાનંદ છે.**

મુશ્કેલીઓ દરમિયાન મનુષ્ય પ્રભુને પ્રાર્થના કરે છે. જ્યારે કોઈ જ મુશ્કેલીઓ ન હોય ત્યારે ભગવાનને ભૂલી જાય છે, પરંતુ મનુષ્યે એકેએક ક્ષણે ભગવાનને યાદ રાખવા જોઈએ અને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ. જીવનરૂપી આ નાટકમાં પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી અને અન્યોની સેવા કરવી એ જ મનુષ્યની ખરી અદાકારી છે. આ નાટકના દિગ્દર્શક ભગવાન છે જેમનો સ્વભાવ પ્રેમ છે. માટે, આ નાટક ફક્ત પ્રેમ અને સત્યની અભિવ્યક્તિ જ નહીં પણ તેનું સંપ્રસારણ પણ હોવું જોઈએ. આ અવનિ ઉપરનાં જીવનને મનુષ્ય ખરું માને છે, પરંતુ વાસ્તવમાં તો તે એક સ્વપ્ન જ છે. માટે, આ જીવનના અનુભવો અને આનંદ-પ્રમોદોમાં કશી સચ્ચાઈ નથી. એક વખત, પોતાનાં કુટુંબનું ભરણ-પોષણ કરવામાં અસમર્થ નીવડેલી એક વ્યક્તિ કોઈને પણ કહ્યા વિના, ઘર છોડીને ચાલી જાય છે. થોડો વખત વ્યવસાય કરીને પૈસા કમાઈને તે પુનઃ ઘરે આવવાનું નક્કી કરે છે. ઘર છોડીને ગયો ત્યારે તેને ભારે લગાવ જેની ઉપર હતો એવો એક દીકરો પણ હતો. પિતા ઘર છોડીને ચાલ્યા ગયા તેના વિરહની વેદના સહન નહીં કરનારો તે દીકરો થોડા વખતમાં મૃત્યુ પામ્યો. પિતા ઘરે પરત ફરવા નીકળ્યા ત્યારે અચાનક જ આકાશમાં વીજળી અને ગડગડાટ સાથે વરસાદ પડયો અને અંધારું છવાઈ ગયું. તેને થયું કે આવા વાતાવરણમાં મુસાફરી કરવી સલામત નહોતી એટલે નજીકના ગામમાં રાતવાસો કરવા ધર્મશાળામાં રોકાયો. રાત્રે સૂતો કે તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે જોયું કે ઘણાં બધાં નોકરો જેમની તહેનાતમાં રહેતા હોય એવો તે એક રાજા બની ગયો હતો અને તે સોનેરી ગાદી ઉપર બિરાજમાન થઈ ગયો હતો. તેને રાજવી વસ્ત્રો પરિધાન કરેલા છ(૬) પુત્રો હતા. તેણે જોયું કે તે કોઈ પણ જાતની ચિંતા વિના શાહી ગાદલાં ઉપર આરામથી નિદ્રા માણી રહ્યો હતો. તે દરમ્યાન, વાદળાંના ભારે ગડગડાટથી તેનું સ્વપ્ન તૂટી ગયું. તે તુરંત જાગીને આસપાસ જોવા લાગ્યો. તેને વિચાર આવ્યો, "અરે ! શાહી શૈયાનું શું થયું? હું તો, એક રાજા હતો, મારી રાજ ગાદી ક્યાં ગઈ? મારી સરભરા કરનારા નોકરો ક્યાં ગયા? મારા છ દીકરાઓ ક્યાં ગયા?" તેને ભાન થયું કે આ બધું માત્ર એક સ્વપ્ન હતું અને તેથી તે ઘોર નિરાશામાં ગ્રસ્ત થઈ ગયો. સવાર થતાં તે ઊઠીને પોતાના ઘર તરફ ચાલવા માંડ્યો. ઘરે પોતાના પતિને જોતાં જ પત્ની ધ્રુસકે ધ્રુસકે

રડવા લાગી. એક બાજુ, તેને આનંદ થતો હતો કે પતિ ઘરે પરત આવ્યો હતો તો, બીજી તરફ પોતાના એકમાત્ર પુત્રને ખોયા બદલ શોક-ગ્રસ્ત થઈ ગઈ હતી. આવું સાંભળતા જ પતિને આઘાત લાગ્યો અને કશી લાગણી પ્રકટ કર્યા વિના પથ્થરની જેમ ઊભો રહ્યો. જે પુત્ર પ્રત્યે ભારે લગાવ હતો તેના નિધનની વાત સાંભળીને જરા પણ પ્રતિભાવ ન આપ્યો એટલે પતિને પત્નીએ કારણ પૂછ્યું, તેણે ઉત્તર આપ્યો, "ઓહ, મૂર્ખ સ્ત્રી ! ગઈ રાત્રિએ ધર્મશાળામાં નિદ્રાધીન હતો ત્યારે શાહી શૈયા ઉપર સૂતેલો અને અનેક નોકરો મારી સેવામાં તહેનાત હતા. રાજવી વસ્ત્રો પહેરેલા મારા છ પુત્રો હતા. પરંતુ, હવે તે છ-છ છોકરાઓ ખોઈને બેઠો છું- હવે કોના માટે રડારોળ કરું? પેલા છ છોકરાં માટે રડું કે આપણાં એક છોકરા માટે રડું? સાચું શું છે? આ સત્ય છે કે પેલું સત્ય છે? જી, નહીં. કશું જ સાચું નથી. હું જ સત્ય છું. હું ત્યાં જાગ્રતાવસ્થામાં હતો અને ત્યાં સ્વપ્નાવસ્થામાં પણ હતો. તેથી, જાગ્રતાવસ્થા તથા સ્વપ્નાવસ્થા બંને ખોટા છે. હું જ સત્ય છું, સત્ય જ ભગવાન છે, માટે, હું જ ભગવાન છું."

ભૂતકાળ એ ભૂતકાળ જ છે. ભૂતકાળને ભૂલી જાવ. તે કદી પાછો આવવાનો નથી. ભવિષ્ય અચોક્કસ છે. ગઈકાલ કદીયે પાછી આવવાની નથી. આજનો દિવસ જ વર્તમાન છે. તે કંઈ સામાન્ય વર્તમાન નથી. તે સર્વત્ર-હાજરાહજૂર છે- સર્વવ્યાપક છે. જાગ્રતાવસ્થા અને સ્વપ્નાવસ્થા, બંને, મગજમાં હોય જ છે. જાગ્રતાવસ્થા શરીર દર્શાવે છે અને સ્વપ્નાવસ્થા મન દર્શાવે છે. મન વિષે ચિંતા કરવાની જરૂર નથી. મન એ પાગલ મર્કટ છે. શરીર એક પાણીનો પરપોટો છે. શરીરનું અનુસરણ કરશો નહીં, મનનું અનુસરણ કરશો નહીં. આત્માનું અનુસરણ કરો. તે આત્મા ભગવાન છે. તમે આજે જે કંઈ કરી રહ્યા છો, તે શું છે? તમે પાગલ મર્કટને અનુસરી રહ્યા છો. તમે પાણીના પરપોટા ઉપર નિર્ભર રહો છો. તેથી જ, તમે દુખ અનુભવો છો. તમારી લાયકાત મુજબનું તમને મળી જ રહેશે. વાસ્તવમાં, તમે પરમાનંદનું સ્વરૂપ છો, જે સ્વરૂપ નિર્ગુણ, અદ્વૈત, શાશ્વત, સર્વવ્યાપક, સમજણથી પર અને પરમ સત્ય છે. સાઈ સર્વોચ્ચ ઉપદેશક-ગુરૂ છે.(.... વધુ આવતા અંકમાં....)

**તા. ૦૬-૦૪-૧૯૯૬ના રોજ**
**કોડાઈકેનાલ ખાતે સાઈ શ્રુતિમાં ભગવાનનું**
**દિવ્ય પ્રવચન**

## જન્મદિન પર ભગવાનનો સંદેશ

## જીવનમાં પરિત્યાગ એ આધ્યાત્મિક સાધનાની પ્રગતિ માટે આવશ્યક સદગુણ છે.

ઓછું બોલો, મધુય પૃણ વાણી વહો, અનિવાર્ય હોય ત્યારે જ વાણી વ્યવહાર કરો; નાહક બૂમબરાડા ન પાડો, ક્રોધાન્વિત થઈ વાણીમાં ઉશ્કેરાટ ન લાવો. જીભ પરનો - વાણી પરનો આ પ્રકારનો સંયમ તમારી તંદુરસ્તિ અને માનસિક શાંતિ માટે ઉપકાર બની રહેશે. મીઠાશયુક્ત વાણી વ્યવહાર તમારા જનસંબંધો વૃદ્ધિ કરશે અને વિના કારણે ઊભા થતાં સંઘષોને રોકશે. એવું બને કે તમારા આવા વ્યવહારના કારણે તમે હાંસી પાત્ર બનો પણ ખરા પરંતુ આવા સદવ્યવહારનું ફળ-વળતર તમારા માટે તો અતિ લાભકારી જ બનશે. આનાથી તમારી શક્તિ અને સમયનો વ્યય થતો અટકશે અને તેનો સદ્દુપયોગ તમારી આત્મિક શક્તિના સંચય માટે થશે. મારા જન્મદિન નિમિતે તમારા સૌને માટે મારો આ વિશેષ સંદેશ છે; 'તમારા સ્વાદ અને તમારી વાણી પર સંયમ કેળવો.' ૧૯૬૮ના ૨૩મી નવેમ્બરે ભગવાને આ જન્મદિનનો ભેટ –સંદેશ પાઠવ્યો.

### તમારૂ હૃદય એ મારૂ ઘર છે

ભારતના ઈતિહાસમાં આજે આ એક શુભ ઘડી છે કે જ્યારે, આ ધરતીના ધર્મગ્રંથોમાં જે સાશ્વત મૂલ્યો/સત્ય તત્વો નિહિત છે અને જે આદર્શો, જીવન જીવવાની પદ્ધત્તિઓમાં વણાઈ ગયા છે અને જેની ચર્ચા માટે શુનિશ્ચિત કુટસંકેતો સર્વત્ર જોવા મળે છે, તે બધાને સમજવાનો એક સુંદર અવસર પ્રાપ્ત થયો છે. દિવ્યતાને પામીને દિવ્ય બની જવું એ ધ્યેય તમે તમારા જીવનમાં પ્રાપ્ત કરી શકો તે માટે અનંત વ્યાપકતાએ પોતે મર્યાદિત થઈને માનવ અવતાર ધારણ કરેલ છે. તે-આ બધા આદર્શોની પુનઃસ્થાપના કરશે અને માનવીમાં એની દ્રઢ ધારણા કરાવશે. અલબત્ત, જે કોલો ધર્મગ્રંથોથી અપરિચિત છે તેમને આ અવતારનું રહશ્ય સમજવું બહુ અઘરૂ લાગશે.

તથાપિ એક વાત તમને કહીશ કે પંચ-મહાભૂત (આકાશ, વાયુ, અગ્નિ, જળ, અને પૃથ્વી, પરમાત્માના સંકલ્પ થકી જ અસ્તિત્વ ધરાવે છે. અને તેથી પ્રત્યેક તત્વનો ઉપયોગ પ્રેમ અને આદરપૂર્વક તેમજ સંયમપૂર્વક કરવો જોઈએ. આ પંચભૂતોનો નિષ્કાળજીપૂર્વક ઉપયોગ, આપણાં માટે ભયંકર હાનિરૂપ નીવડી શકે છે. અને તે જ પ્રમાણે આપણાં આંતરિક સ્વભાવ પ્રશન શક્તિ સ્રોતનું પણ નિયંત્રણ કરવું જોઈએ.

### તમારા સ્વાદ પર સંયમ રાખો; તમારી વાણી ઉપર સંયમ રાખો.

તમારા આહાર, તમારા રોજબરોજના ખોરાકની અસર તમારા આંતરિક સ્વભાવ કે પ્રકૃતિ પર થતી જ હોય છે. તમારા અન્ન-આહારનો ઘેરો પ્રભાવ તમારા આંતરિક વિચાર અને સ્વભાવ પર પડતો જ હોય છે. અને તેથી તેના પર વિશેષ ધ્યાન આપવાની જરૂર રહે છે. જ્યારે તમારા આંખ, કાન, અને નાક પ્રાકૃતિક રીતે કોઈ એક જ લક્ષણ-ગુણ ધરાવનાર જ્ઞાનેન્દ્રિયો

છે ત્યારે જીભ બે કામ કરતી હોય છે એક તો સ્વાદ ઓળખવાનું અને બીજું વાણી ઉચ્ચારવાની/સંવાદ સાધવાની તેથી જ તમારી જીભ પર સંયમ-અંકુશ રાખવો આવશ્યક છે. નહિતર તે બેધારા નુકશાન-હાનિનું કારણ બને છે.

ઈન્દ્રિયો પરના સંયમ વિના સાધના બીનઅસરકારક થઈ રહે છે. તે પાણી ભરેલા કાણાં વાસણ જેવું રહે છે. તેમાંથી પાણી ટપકતું જ રહે છે. ઈન્દ્રિયો કાણાં વાસણની ગરજ સારે છે કે જેમાં સાધનાનું ફળ ટકી શકે જ નહીં. પતંજલિ (યોગ સૂત્રના રચયીતા મુની) કહે છે, એકવાર જીવને જીતી લો તો આખરી વિજય પણ તમારો જ છે. જ્યારે અમુક પ્રકારના સ્વાદ માટે તમારી જીભ તડપતી હોય ત્યારે તેની વૃત્તિને અનુકૂળ થઈને તે સ્વાદ ન ચખાડો. જીભ જે કાંઈ માંગે તે ન પીરશો. આ ભૂમિના કેટલાયે સંત મહાત્માઓ પણ પોતાની જીભને વશ થઈ ગયા અને નિયંત્રણ માં ન રાખી શક્યા; ભલે ભગવા ધારણ કર્યા હશે પરંતુ પોતાની જીભની લોલુપ્તાને કાબુમાં ન રાખી શક્યા હોઈ; નિરંકુશ સ્વાદેન્દ્રિયનો શિકાર બન્યા હોય છે અને પરિણામે સર્વ સાધુ સમાજની બદનામી થાય છે. જો તમે સ્વાદની લોલુપ્તા છોડી, સ્વાદિષ્ઠ, તીખા-તમતમતા આહારના સ્થાને, સાદો પરંતુ સાત્વિક આહાર ગ્રહણ કરતા થાઓ તો થોડો વખત તમારી જીભને અરુચિકર લાગશે પરંતુ તે ટેવાય જશે. અને આ પ્રક્રિયા તેના પર અંકુશ લાદવાનો માર્ગ બનશે અને છેવટે તમે જ જીભની હકૂમત તમારા પર ચાલવાથી જે દુષ્પરિણામો ભોગવો છો તેનાથી બચી જશો.

જો તમારી જીભ કામાત્સુક-વિષયી કે ગંદી, બદનામીયુક્ત ભાષાનો વ્યવહાર કરે તો તમારે તેના પર સખત અંકુશ લાદવાની જરૂર છે. ઓછું બોલો પરંતુ મધુર બોલો-કડવું ન બોલો; બોલવાનું અનિવાર્ય હોય તો જ, ત્યારે જ અને તેને જ બોલો; વ્યર્થ બૂમબરડા કે ક્રોધાતુર બની ઉશ્કેરાટ ભર્યો વાણી વ્યવહાર ન કરવો. આમ કરવાથી તમારૂ સ્વાસ્થ્ય સુધરશે. તમને શાંતિનો અનુભવ થશે. તમારા જાહેર સંબંધ સંપર્કો પણ વધશે અને વિના કારણ અન્યો સાથેના વિવાદ કે સંઘર્ષો ટાળી શકાશે. કદાચ મૂઢ મતિ કહીને તમને હાંસીપાત્ર પણ બનાવે પરતું અંતે તો તમને બીજી રીતે ઉપકારક જ નીવડશે; તમે તમારી આંતરિક શક્તિનો વધુ સારો ઉપયોગ કરી શકશો. મારા જન્મદિન નિમિત્તે આપેલો આ મારો વિશિષ્ટ સંદેશો છે, "મારા સ્વાદ અને તમારી વાણી પર સ્વયં કેળવો".

આપણી તમામ ઇન્દ્રિયો પર સંયમ રાખવાના મહદ કાર્યક્રમનું આ એક નાનકડું પગલું છે. તમારી ઇન્દ્રિયો પર સંયમ અને અંકુશ પ્રભુ ભક્તિ તરફ મહત્ત્વનું પગલું છે. કારણ કે મિથ્યાડંબર અને અસ્થિર-ચંચળ તત્ત્વો પ્રત્યેની આપણી ઇન્દ્રિયોની દોડ આપણા હૃદયને છેતરનારી પ્રવૃતિ છે. મને આપના તરફથી કોઈ ભેટ કે સોગાદની આવશ્યકતા નથી-તેનું મારે મન કોઈ મહત્વ નથી; મારી અપેક્ષા તો તમને મે આપેલા શુદ્ધ-નિર્દોષ-પવિત્ર હૃદયના ભેટની છે. મે તો તમને તદ્દન

નિર્મળ, નિર્દોષ હૃદયની સોપણી કરી હતી તે પ્રેમામૃતસભર હૃદય મને સમર્પણ કરો. અતિ ઉત્સાહિત ન બનો કારણ કે આજના દિવસે ૪૩ વર્ષ અગાઉ આ દેહનું પ્રાગટ્ય થયું હતું. આ પાર્થિવ શરીર માટે જન્મ અને મૃત્યુની ઘટના તો અનિવાર્ય જ છે. તે વચ્ચેના સમયમાં તમે કરેલા કાર્યોનું જ મૂલ્યાંકન થાય છે અને તે પાત્રતા કેળવવા માટે જ ઉત્સાહ દર્શાવવાનો હોય. આ સમયનો સદુપયોગ તમારા આધ્યાત્મિક ઉત્થાન માટે કરો.

સંહિતાના ત્રણ સૂત્રો સિદ્ધ કરવાના પ્રયાસો કરવાની જરૂર છે: (૧) આધ્યાત્મ સાધના અને શિસ્ત (૨) ત્યાગ ભાવના- અનાશક્તિ ભાવ કેળવવાની અને (૩) 'સ્વ'માં આત્મવિશ્વાસ કેળવવાની. આ ત્રણ સિદ્ધિ કેળવ્યા વિના જીવનયાત્રા ત્રાસદાયક અને કઠણ બની જશે. છોડો, જતુ કરો અને પરિત્યાગવૃત્તિ કેળવો. આ ગુણ જ આધ્યાત્મિક વિકાસ માટે છે. અહી તમે ત્યાગ કરેલ વસ્તુની કિમતનું મહત્ત્વ નથી પણ એ પાછળ તમારી ત્યાગ ભાવનાની લાગણીના ગૌરવનું મહત્ત્વ છે.

**જીવતરની પ્રત્યેક પળ પ્રભુ પ્રત્યેના એક એક સોપાનની ઘડી છે.**

જ્યાં સુધી તમારા જીવનમાં ઈન્દ્રિયભોગનો પ્રભાવ રહેલો છે ત્યાં સુધી તમારા આધ્યાત્મ જીવનનો પ્રારંભ થતો જ નથી. ઘણા બધા આધ્યાત્મિક આનંદની પ્રાપ્તિ માટે બૂમરાણ કરી મૂકે છે. પરંતુ ઘણા ઓછાને આમાં સફળતા મળે છે કારણકે ઈન્દ્રિયોના ચિત્કારમાંથી મુક્ત થવા માટે તેમની ક્ષમતા જ નથી. સહજ આત્મ નિરીક્ષણથી જ જાણી શકાશે કે આપણી ઈન્દ્રિયો જ આપણા પર અનિષ્ટ સ્વામિત્વ ભોગવે છે અને સાચા જ્ઞાનની પ્રાપ્તિ માટે તેઓ અવરોધ બની જાય છે; તેમના ભોગ થકી પ્રાપ્ત થતો આનંદ તો અલ્પજીવી અને દુઃખદાયક બની રહે છે. માત્ર જ્ઞાન મેળવવાથી જ હૃદયમાં આનંદ અનુભવતો નથી; સમગ્ર સૃષ્ટિ જ-પરમાત્માની અગાધ શક્તિ અને પરમાત્માના દર્શન/અનુભૂતિ માટેની તપસ્યા, ચિદાનંદ પ્રાપ્તિનો સાચો સ્રોત છે. કોઈ પણ બે વ્યક્તિઓ વચ્ચેના વિચારોમાં સમાનતા હોય નહીં, ચાહે તે ભાઈ-બહેન હોય કે પતિ-પત્નિ હોય, કે ચાહે તે પિતા-પુત્ર હોય; તેઓ માત્ર જીવન યાત્રીઓ છે કે જેઓ પરમાત્માના પંથે, એકબીજા વચ્ચે સહમતિ કેળવે છે અને પરસ્પર સહયોગી બને છે.

તમે પણ તમારી દૈનિક દિનચર્યા દરમ્યાન એવા દિવ્ય પ્રવાસી-યાત્રી બની શકો છો. તેના માટે તમે સદા એવો જ અનુભવ કરતા હો કે જીવનની પ્રત્યેક પળ પ્રભુની દિશામાં એક એક ડગ માંડી રહ્યા છો. જે કાઈ કર્મ કરો, પ્રવૃત્તિ કરો તે પ્રભુને સમર્પિત કરો, પ્રભુની ઈચ્છા કે તેમના આદેશ અનુસાર કરો, તે સર્વ પ્રભુની ભક્તિ-પ્રભુની સેવા કાજે કરો અથવા પ્રભુના સંતાનોના કાજે જ કરતા રહો. તમારા સર્વ કર્યો, તમારા વિચાર અને વાણી ઈશ્વરના કસોટી પત્થર પર ચકાસતા રહો; "મારા આ સર્વ કાર્યોને પરમાત્મા માન્ય કરશે? મારા આ કાર્યો પ્રભુનામની ખ્યાતી વધારશે?

રામાયણની કથામાં આપણે જોયું કે પિતા દશરથ (મહારાજ દશરથ) પોતાની પ્રિય પત્નીના વચનોથી મૂઢમતિ બન્યા અને તેમણે રામને વનમાં ચૌદ વર્ષના વનવાસ માટે મોકલી આપ્યા. જો કે પિતાની આજ્ઞા શિરોમાન્ય ગણી ધર્મવચનપ્રેમી પુત્ર રામે પોતાના કર્તવ્યનું પાલન કરતાં પોતાની પત્ની સહિત વનગમન કર્યું. પિતા ઈન્દ્રિયોના ગુલામ બન્યા જ્યારે પુત્રએ ઈન્દ્રિયોનું દમન કરી તેના પર આધિપત્ય જમાવ્યું. પ્રભુ, પુત્ર રામે કરેલ કૃતિને મંજૂરી આપશે જ્યારે પિતા દશરથે લીધેલ પગલાંને નહીં સ્વીકારે. આજ રીતે, જે લોકોને પરમાત્મા જે સર્વ માનવ મનુષ્યની મર્યાદાઓની પર છે-મનુષ્યના જીવન વ્યવહારથી પર છે તેની કલ્પના જ ન હોય તેવા લોકો કૃષ્ણના જીવન કર્મોમાં દોષ દૃષ્ટિ જુએ છે- ભગવાન કૃષ્ણ પર દોષારોપણ કરે છે, પરંતુ જેઓને પરમાત્માની દિવ્યતા અને મહાનતા વિશે જ્ઞાત છે તેઓ તો તેમની લીલાઓનું મહત્વ સમજે છે.

<u>મનુષ્યો બધા ગોવાળો છે અને સર્વ પશુધન તે ગાયો છે.</u>

તમે જ્યારે પ્રભુના ગુણ ગાન પ્રત્યે પૂરા સમર્પિત બનો છો ત્યારે તમારા શરીર, તમારી ઇન્દ્રિયો, તમારી બુદ્ધિ, તમારી ઈચ્છા અને જ્ઞાન માટેના સર્વ સાધનો તમારા કર્મો અને તમારી લાગણીને તેમના કાર્ય માટે જરૂરી માની તેના પ્રત્યે આદર સેવો છો. જ્યારે બીજા લોકો મંદાધ બન્યા હોય ત્યારે ભક્તો નિઃસ્વાર્થ પ્રભુ પ્રેમના ઘેનમાં મસ્ત બન્યા હશે.

તમે તો સાંભળ્યુ જ છે કે જ્યારે તે દિવ્ય ગોપબાળ વાંસળી વગાડતો ત્યારે અબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષો જ નહીં પરંતુ વૃંદાવનનું પશુધન પણ દિવ્ય વાંસળીના સૂરમાં પાગલ બની દોડી જતું, તે સૂર આપણા મનના આનંદ આપતા અને મનની અશ્વચ્છતાને દૂર કરતાં. તેઓ આનંદ મગ્ન બની સર્વ કામ-ધંધા છોડી દેતા, તેમના મનમાં ક્રિષ્ણ દર્શનની ઝંખના સિવાય અન્ય કોઈ વિચાર ન આવતા; પશુ પ્રાણીઓ ચારો ચરવાનું છોડી દેતા, ગાયનું વાછરડું માં ના આંચળો છોડી દોડી જતા. શ્રી કૃષ્ણ અને ગોપીઓની રાસલીલાનો અર્થ બહુ જ ગહન છે. વૃંદાવન એ ભારતના નકશા પરના કોઈ સ્થૂલ પ્રદેશ નથી; વૃંદાવનતો અલૌકિક ભાવભૂમિ છે.

સર્વ માનવો ગોવાળો (ગૌ પાલકો) છે. પ્રત્યેક ગોવાળનું હૃદય ભગવાનના દર્શનની ઝંખનાથી સભર હોય છે. વાંસળી એ તો ભગવાન કૃષ્ણનો સાદ છે. વૃંદાવનમાં રાસલીલાના ઉપવનમાં પૂનમની ચાંદનીમાં પ્રત્યેક ગોપી સાથે અસંખ્ય રૂપ ધારણ કરી બાલગોપાળ નૃત્ય કરતા; આ રાસલીલા એ ભક્ત હૃદયની કૃષ્ણ સાનિધ્યની ઝંખના અને તે માટેના પરિશ્રમ રૂપે છે. આમ અસંખ્ય ભક્ત હૃદયની ઝંખના સંતોષવા ભગવાન સ્વયં અનેક રૂપ ધારણ કરી પ્રત્યેક્ષ થાય છે ભગવાન કોઈ એકને જ પ્રેમ નથી કરતા, અનેક ભક્તોની પ્રેમ તૃષા ભગવાન છીપાવે છે. એટલે જ્યારે ભગવાન બીજાઓની સમીપ જાય ત્યારે મનમાં શોક ન અનુભવશો અથવા જ્યારે તમારી

સમીપ આવે ત્યારે ગર્વ ન અનુભવશો કે ભગવાન તમને જ પ્રેમ કરે છે અને અન્યોને નહીં. ભગવાન તો પ્રત્યેક ભક્ત હૃદયના સિંહાસને બિરાજમાન છે. પ્રત્યેક ભક્તહૃદય ભગવાનનું મંદિર છે.

## જીવન યાત્રીનું લક્ષણ : પવિત્ર રહો અને વિનમ્ર રહો.

તમારું સ્વત્વ અને સમગ્ર જીવન પ્રભુના ચરણમાં ધરી દો; અને ત્યારે તમારી ભક્તિમાં એવું પરિવર્તન આવશે અને તમને એવી કક્ષાએ લઈ જશે કે તમે અને તે (પ્રભુ) એકરૂપ બનશો. તમે જે લાગણી અનુભવો, જે વિચારો કે જે કાઈ  કર્મ કરો તે સર્વ પ્રભુ કરશે અને પ્રભુ જે કાઈ વિચારે કે કરે તે તમે કરશો. તમે અને પરમાત્મા અદ્વૈત બનશો. એક પત્થરની શીલાનું, પરમાત્મ મુર્તિમાં જેમ રૂપાંતર થાય છે તેમ તમારું પણ રૂપાંતર થશે અને તમે પણ ઈશ્વરની જેમ જ પુજાપાત્ર બનશો. પરંતુ આ પ્રક્રિયા દરમ્યાન તમારે હથોડાના ઘાવ ઝીલવા પડશે કારણ કે પ્રભુ મહાન શિલ્પકાર છે. શિલ્પીના હાથે પત્થર ઘડાય પછી જ પૂજાય છે. પ્રભુ તમને તમારી મૂઢ-સ્તબ્ધ અવસ્થા માંથી મુક્ત કરશે. તમારું હૃદય ઈશ્વરને અર્પણ કરો અને જીવન ના અન્ય પાસાઓ પ્રભુના હસ્તે પરિવર્તિત થવા દો. સમયને વેડફી ન નાંખો, અથવા તેના પર અર્થહીન આવરણ ન ચઢાવો, જીવતરની તકને નિરર્થક, તુચ્છ કર્યો માટે વ્યતિત ન કરો.

આ ધામની તમારી યાત્રા તો તમારા જન્મથી જ પ્રારંભાયેલી જે આજપર્યન્તની ખૂબ લાંબી યાત્રાનો જ એક ભાગ છે કે જેનો કોઈ અંત જ નથી; તમારું દેહાવસાન થાય તો પણ આ યાત્રાનો અંત નથી. આ સત્ય હકીકતને ભુલશો નહીં. એક યાત્રી બનવા માટે જરૂરી છે કે તમે પવિત્ર બની રહો, તમે સાવધ બની રહો અને સાથે જ વિનમ્ર બની રહો, હંમેશા સારું જ જૂઓ અને સારી વાતો, સારી ચીજો અને સારા વિચારોનો જ સંચય કરો અને જીવન યાત્રા ના હવે પછીના સમયમાં તેને તમારા આધાર અને પ્રોત્સાહક તત્વો બનાવો.

હવે જ્યારે ભગવાન અવતર્યા છે અને એ અવતારનો તમે લાભ ન લીધો હોય તો તેનાથી કોઈ અર્થ સરતો જ નથી. આની આગળના યુગો કૃતયુગ (સતયુગ), ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં પણ એ અવતારોનો મહિમા ઘણા માણસોને સમજાયો જ ન હતો. તેમના માતા-પિતા કે બંધુ-સખા પણ તેમણે ઈશ્વરીય અવતાર તરીકે સ્વીકારતા ખંચકાટ અનુભવતા હતાં. બહુ જ અલ્પ સંત-મુનિઓ કે જેઓની આંતર ચેતના જાગૃત હતી, તેઓ જ અવતારની સત્યતા સમજી શક્યા હતા.

## આ અવતાર સાથેની સંગતિ – સાન્નિધિ અક્ષુણ્ય બનાવી રહો.

પરંતુ, આજે આ કળીયુગમાં જ્યારે સર્વત્ર  વિસંવાદિત્વ અને પરસ્પર વિરોધાભાસ ના આવરણ હેઠળ પણ તમે સદનસીબ છો કે તમે મારા સાક્ષાત દર્શન કરી શકો છો, મારૂ સામિપ્ય માણી શકો છો જેના માટે પૂર્વ જન્મના તમારા સત્કર્મો સંચિત પૂણ્યોનો આભાર માનવો જોઈએ. આ સદનસીબ કાંઈ સામાન્ય બાબત

નથી. વર્તમાન અવતાર તમારી વચ્ચે હરે ફરે છે, તમારા સુખ દુઃખમાં તમને સાંત્વના આપવા કે ઉત્સાહ પ્રદાન કરવા તમારી પડખે જ રહે છે. અવતાર સાથેના સંબંધો-અતિદૂર્લભ અને અદ્વિતીય છે. જીવનનું લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી અવતાર સાથેનો આ સંગાથ અખંડરીતે જાળવી રાખવાનો છે.

**૨૩ નવેમ્બર ૧૯૬૮ના દિને પ્રશાંતિનિલયમ ખાતે આપેલ ભગવાનના દિવ્ય જન્મદિન સંદેશમાંથી અવતરિત.**

## ભગવાનના પોતાના સેવાદળ દ્વારા અભૂતપૂર્વ સેવા

**- આર.જે.રત્નાકર**

- જ્યારે તમે આનંદ મનાવો છો કે ભગવાને તમને તેની શારીરિક નિકટતા આપી છે. બીજી ક્ષણે તમને તેનાથી દૂર રાખીને ચિંતામાં મૂકી દે છે.
- તમે કદાચ વિચારતા હશો કે તમને આંસુ સારતા જોઈને તે આનંદ મેળવે છે પણ પછી તે તમને ખુશીની પળોમાં રમાડશે.
- જેવા તમે વધુ પડતા આનંદમાં આવી આવી જશો અને અનુભવશો કે તે તમારા પર પ્રશંસા વરસાવે છે. બીજી જ ક્ષણે તમને હસાવવાની મજાક પણ કરશે.
- જેવું તમે વિચારશો કે તેની કૃપાની ખાતરીથી તમે હવે ખૂબ સુખી થશો ત્યારે તમે જોશો કે મુસીબતોનો કોઈ અંત જ નથી. ન તો તમને આગળ જવા દેશે કે ન તો તમને પાછા પડવા દેશે. તેની રીતો મોહક છે અને તે જ સમયે તમને આત્મનિરીક્ષણ કરવા માટે ઉત્તેજીત કરશે. ચેતનાના મૂર્તસ્વરૂપમાં આ નાનકડું નાટક છે.

તમે તેને ક્યારેય કેવી રીતે સમજી શકશો.

શ્રી સત્ય સાઈ.

આજે આખું વિશ્વ કોરોનાવાયરસથી ઉત્પન્ન સમસ્યાથી પરેશાન છે ત્યારે આ કોઈ મનુષ્યની પોતાની ખોટી ક્રિયાનું પરિણામ હોય એવું લાગે છે. મનુષ્ય આજે ભગવાનને ભૂલીને ભૌતિક સુખો પાછળ દોડ લગાવી રહ્યો છે. તે ભગવાનથી દૂર તેની અમર્યાદિત ઇચ્છાઓની શોધમાં આગળ વધી રહ્યો છે. તેથી જ ભગવાને કોરોનાનો ભય ઉત્પન્ન કર્યો હોય એવું લાગે છે.

**<u>મનુષ્યની સાંસારિક ઇચ્છાઓ પ્રત્યેની પાગલ દોડ.</u>**

મનુષ્ય જ્યાં સુધી સત્યના માર્ગે છે ત્યાં સુધી ભગવાન મનુષ્યને કદી મુશ્કેલીઓમાં મૂકવા માંગતા નથી. ભગવાન મનુષ્યને મુશ્કેલીઓને સહન કરવાની અને તેમાંથી બહાર નીકળવાની શક્તિ આપે છે. પરંતુ જ્યારે મનુષ્ય ખોટા માર્ગે જાય છે ત્યારે તેની મુશ્કેલીઓનો સામનો કરવાની જન્મજાત

શક્તિ ઘટતી જાય છે અને તે તુચ્છ સમસ્યાઓથી પણ ખિન્ન અને હતાશ થઈ જાય છે.

આજે માણસ અને માણસ વચ્ચેનો ખાઈ મોટી થઈ રહી છે. અરે, આજે એક જ કુટુંબના સભ્યો વચ્ચે પરસ્પર વાતચીતનો પણ રસ રહ્યો નથી. પરિવારના સભ્યો વચ્ચે સૌહાર્દ અને હૂંફમાં ઘટાડો થઈ રહ્યો છે. આજે વડીલો પ્રત્યે માન અને સમ્માન રહ્યું નથી તેમજ માતા-પિતા પ્રત્યે આદરભાવ રહ્યો નથી. આપણને ભાગ્યે જ જોવા મળે છે કે કુટુંબના સભ્યો પરસ્પર પ્રેમ અને સ્નેહની ભાવનાથી સમય પસાર કરે છે. આજે લોકો વધુ પડતા સ્વકેન્દ્રી બની ગયા છે. તેથી બીજા પ્રત્યેની સાચી ભાવના રહી નથી. તેઓ અનંત તૃષ્ણાઓ અને અર્થહીન સંઘર્ષમાં જકડાઇ ગયા છે. તેનું જીવન દિશા અને ગંતવ્ય સ્થાન વિનાના વહાણ જેવું થઈ ગયું છે. જાણે કે તે તેની તરસ છીપાવવા માટે મૃગજળની પાછળ દોડી રહ્યો છે. તે તેની પહોંચ બહારના લક્ષ્યની શોધમાં વ્યસ્ત રહે છે. વધુ કમનસીબ તો તે ત્યારે લાગે છે કે જ્યારે તે પોતાના બાળકોના ઉછેરમાં પણ યોગ્ય ધ્યાન આપતો નથી અને તેમને પ્રેમ અને સ્નેહ આપવાની ફરજમાં તે નિષ્ફળ ગયો છે. તે નથી તો તેના બાળકોને આપણી સંસ્કૃતિ અને પરંપરાની મહાનતા વિશે શીખવતો કે નથી તે નૈતિક મૂલ્યો વિષેનું શિક્ષણ આપતો. તેનાથી વિપરિત રીતે બાળકો યાંત્રિક રીતે ઘડાવા લાગ્યા છે.

આભાર covid 19 ના પ્રતિબંધોનો કે જેણે લોકોને છેલ્લા છ માસમાં તેમના કુટુંબના સભ્યો સાથે સમય પસાર કરવાની તક આપી છે. દરેકને આની જરૂર હતી. આ તેલુગુ કૅલેન્ડર શાર્વરીએ આપણને કેટલાંક કડવા સત્ય અને નિષ્ઠુર વાસ્તવિકતાઓ બતાવી છે. તેણે આપણને દર્પણની જેમ ખામીઓ બતાવી છે. એક અદ્રશ્ય દુશ્મન આખા વિશ્વ પર કબર ખોદી રહ્યો છે. જો કાંઈ અયોગ્ય થાય તો માનવામાં આવતું નથી. એકવાર છેલ્લી વખત તેના નજીકના અને પ્રિય લોકોને જોઈ પણ શકતો નથી. બધા જ મંદિરો દેવળો અને મસ્જીદો બંધ હતા. કોઈક કહે છે કે ભગવાન માણસજાત પર ક્રોધિત થયો છે પરંતુ હું માનું છું કે તેના ક્રોધમાં પણ અનુગ્રહ દેખાય છે.

## સેવાદળ સભ્યોનું અજોડ સમર્પણ.

જ્યારે આપણે આપણા જીવનમાં બનતા બનાવો વિશે હકારાત્મક રીતે સમજીશું તો આપણે કોઈપણ પડકારને સારી રીતે ઝીલીને આગળ વધી શકીશું. આપણે છેલ્લા છ માસમાં વિવિધ લાગણીઓ અને અનુભવોથી જીવ્યા છીએ. તેમ છતાં જો આપણે શ્રી સત્ય સાઈ સેવાદળના સભ્યોએ આ મુશ્કેલ સમયમાં જે અજોડ સમર્પણ અને સેવા ભાવના કરી છે તેનો જો ઉલ્લેખ ન કરીએ તો આપણે આપણી ફરજ ચૂક્યા ગણાઈશું.

જ્યારે આખું વિશ્વ કોરોનાગ્રસ્ત હતું ત્યારે સેવાદળ સભ્યો પોતાના ઘર, સુખ-સગવડો અને સલામતી છોડીને સ્વામીમાં શ્રદ્ધા સાથે, વિશ્વાસ અને સમર્પણ ભાવથી સામે આવીને જે અમૂલ્ય સેવા આપી છે તેનો યશ

તેમના કુટુંબના સભ્યોને જાય છે કે જેમણે હિંમત અને વિશ્વાસપૂર્વક સાઈ સેવામાં મોકલ્યા. જ્યારે આખું વિશ્વ અનિશ્ચિતતામાં હતું ત્યારે જે સેવાદળના સભ્યોએ પૂરા સમર્પણથી સેવા કરી છે તે સૌના માટે મારું હૃદય આભારી છે.

જ્યારે ભક્તો પ્રેરિત થઈને ત્યાગ અને સમર્પણપૂર્વક સેવા માટે આગળ આવે છે ત્યારે સ્વામી આપણને માર્ગદર્શન આપવા હંમેશા આપણી સાથે ને સાથે જ છે, એનાથી વધુ વિશેષ પુરાવા શું જોઈએ.

જ્યારે આખું રાષ્ટ્ર લોકડાઉનના પ્રતિબંધોમાં હતું, પ્રશાંતિ નિલયમ સેવા પ્રવૃત્તિઓના સુનામીનું સાક્ષી હતું. આપણા સેવાદળ સભ્યોની પ૨ (બાવન) દિવસની સેવા યજ્ઞની પૂર્ણાહૂતિ થઇ અને તેઓની તેમના રાજ્ય તરફની મુસાફરી વિશિષ્ટ ખાસ બસ દ્વારા શરૂ થઈ. જેવી કે આસામ, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન અને ઝારખંડ સુધીની લાંબી મુસાફરી દરમિયાન સેવાદળ સભ્યો માટે ભોજન, નાસ્તો તથા પીવાના પાણીની જે સેવા આપણા સત્યસાઇ સંગઠને કરી છે તેનું શબ્દોથી વર્ણન થઈ શકે તેમ નથી.

આ તે દિવસો હતા જ્યારે બધા જ રાજ્યોમાં covid 19 ના પ્રતિબંધો કડકાઈથી લાગુ હતા. લોકો ઘરની બહાર નીકળીને ફરી શકતા નહોતા. હોટલો, દુકાનો સદંતર બંધ હતા. ખોરાકની તો વાત છોડો, આટલી લાંબી મુસાફરીમાં પીવાનું પાણી મળવાની પણ અપેક્ષા ન રખાય. આવી વિકટ પરિસ્થિતિમાં ઘણા બધા સેવાદળોને પોતાના રાજ્યમાં પહોંચતા ચારથી પાંચ દિવસ થયા હતા. આટલી લાંબી થકાનભરી મુસાફરીની કલ્પના પણ ધ્રૂજાવી દે છે ત્યારે સાઈભક્તોમાં માનવતા જોવા મળી. લાંબી મુસાફરીમાં અલગ-અલગ સ્થળોએ આપણા સાઇ ભક્તોએ, પ્રશાંતિ સેવા પૂર્ણ કરીને પરત ફરતાં સેવાદળ ભાઈ-બહેનોને હૃદયથી આનંદપૂર્વક આવકાર્યા. તેમણે સ્થાનિક કક્ષાએ સમિતિ ચાલુ રાખીને જરૂરી વ્યવસ્થા ઊભી કરી જેથી સેવાદળ ભાઈઓ ફ્રેશ થઈ આગળ મુસાફરી કરી શકે. તેમણે તેઓના આવવાના અનુકૂળ સમયે ચા-નાસ્તો, ભોજન આપી તેમની આરામ આપવાનો પ્રયત્ન કર્યો. કોઈ પણ સાઈભક્તો દુન્યવી રીતે તેમના સંબંધી નહોતા. તેમના પ્રત્યે ભાઇચારાની ભાવનાથી જ તેઓ બંધાયેલા હતા. આ જ તો સ્વામીનો પ્રેમ હતો.

**સર્વોચ્ચ સેવાની ભાવના.**

ઓગસ્ટ માસમાં પ્રશાંતિ નિલયમ આશ્રમના રહેવાસીઓને કોરોના પોઝિટિવ આવ્યો. તેમને જરૂરિયાતની વસ્તુ લાવવા માટે આશ્રમની બહાર જવું પડતું કે પછી નોકરબાઈ બહારથી આશ્રમમાં કામ કરવા માટે આવતાં તેના દ્વારા કોરોનાની આપ-લે શક્ય હતી. જે પણ કારણ હોય લગભગ ૨૦ જેટલા આશ્રમવાસીઓને કોરોના થયો હતો. ડોકટરની સલાહ મુજબ તેમને ઘરમાં જ ક્વોરોન્ટાઈન થવા કહ્યું. પ્રશાંતિ નિલયમ જે તેઓનું ઘણા

દાયકા અને વર્ષોથી ઘર હતું તેથી તેમને આશ્રમમાં જ એક અલગ મકાનમાં ક્વોરોન્ટાઈન કરવું યોગ્ય હતું. તેથી તેઓને આશ્રમના એક ખૂણાના રહેણાંકના બ્લોકમાં જ સાજા થવા માટે એક બ્લોગ આપવામાં આવ્યો.

હવે એક મોટો પ્રશ્ન એ ઊભો થયો કે આ કોરોનાના દર્દીઓની સેવા-સારવાર કોણ કરશે? તેઓ એક અલગ જ બ્લોકમાં હતા તેથી તેઓને માટે દરરોજ ચા-નાસ્તો, જમવાનુ આપવું જરૂરી હતું. અમને ચિંતા હતી કે કોણ સ્વયંસેવક આ કપરી પરિસ્થિતિમાં તેઓની સેવા કરવા તૈયાર થશે. આ એ સમય હતો જ્યારે હોસ્પિટલ સ્ટાફ અને ડોક્ટરો પણ કોરોના દર્દીઓ પાસે જતા ડરતા હતા ત્યારે ખરેખર આપણા સંગઠન માટે ગૌરવ લેવા જેવી વાત એ બની કે ઘણા યુવાન સેવાદળ સભ્યોએ સેવાની તૈયારી બતાવી.

તનાવ ભરી પરિસ્થિતિમાં તેઓને પ્રશાંતિ સેવામાં મોકલવા એ તેમના કુટુંબના સભ્યોનું એક બહાદુરી ભર્યું પગલું હતું. આ ઉપરાંત વિશેષ તો એ કે તેઓ કોરોનાના દર્દીઓની સેવા કરવા તૈયાર થયા. અમે ખરેખર દ્વિધામાં હતા પરંતુ સેવાદળ લીડરોએ જ્યારે સેવાદળ સભ્યોની મિટિંગ કરીને ૪ ગણા સભ્યોની જરુર છે તેની વાત કરી ત્યારે ખૂબ જ આનંદથી અને સ્વેચ્છાએ તેઓ કોરોનાના દર્દીઓની સેવા કરવા આગળ આવ્યા. ખરેખર નિઃસ્વાર્થ સેવાનું એક ઉત્તમ ઉદાહરણ હતું.

એ સમયે જ્યારે લોકો પોતાના જ મિત્રો, સગા, સંબંધીઓથી સલામતીપૂર્વકનું અંતર રાખતા, આપણા યુવાન સેવાદળના સભ્યો એવા અજાણ્યા લોકોની સેવા કરવા હિંમતપૂર્વક અને નિઃસ્વાર્થ ભાવથી આગળ આવ્યા. આ સ્વામીની કૃપા વગર શક્ય જ નથી.

"સર, અમને કશું જ થવાનું નથી. સ્વામી અમારા રક્ષક છે. કોઈ વાયરસ અમને સ્પર્શી પણ ન શકે". આ શબ્દો એવાં સેવાદળ સભ્યોના છે જે હંમેશા મારા હૃદયમાં અંકિત થઈ ગયા છે. ખરેખર ભગવાનની દિવ્ય કૃપા વગર આવી શ્રદ્ધા અને સમર્પણ શક્ય નથી. તેમની સંપૂર્ણ શ્રદ્ધા, સમર્પણ અને નિઃસ્વાર્થ સેવાને કારણે કોરોનાના દર્દીઓની સેવા કરવા છતાં, કોઈને પણ સ્વાસ્થ્ય સંબંધી કોઈ તકલીફ કે બીમારી થઈ નહીં. ભગવાનની જ કૃપાથી તેમણે સફળતાપૂર્વક તેમની સેવા પૂર્ણ કરી, તેમના રાજ્યમાં ઘરે પાછા ફર્યા અને સલામતીપૂર્વક પહોંચ્યાની હાર્દિક જાણ પણ અમને કરી. આ એક ખુબ જ સુંદર અનુભવ રહ્યો જે મને હંમેશ માટે યાદ રહેશે.

**"અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃપર્યુપાસતે।**
**તેષાંનિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥**

"ભક્તો કે જે સતત મારું સ્મરણ કરે છે અને પૂર્ણરૂપે સમર્પણ ભાવથી પૂજા કરે છે, જે પૂર્ણ રૂપે મારો વિચાર કરે છે, હું તેમને પૂર્ણ સલામતી પ્રદાન કરૂ છું અને તેની વ્યક્તિગત જરૂરિયાતોનું પણ ધ્યાન રાખું છું".

ત્યારે પણ અને અત્યારે પણ સ્વામી

હંમેશા તેમનું વચન પાળે છે અને તે આવનારા સમયમાં પણ ચાલુ જ રહેશે.

જેઓ દૈનિક ઘસરડાથી કંટાળી ગયા છે અને તાજગી તથા આધ્યાત્મિક ઊર્જા મેળવવા માગે છે તેમને માટે પ્રશાંતિ નિલયમ એ પૃથ્વી પરનું સ્વર્ગ છે. તે એક એવું દિવ્ય અને શાંતિદાયી આધ્યાત્મિક સ્થળ છે જ્યાં લોકો ચિંતા અને અસ્વસ્થ મન લઈને આવે છે અને શાંતિ, સુખ અને આનંદ પ્રાપ્ત કરે છે.

પરંતુ આ શ્રેષ્ઠ સર્વોચ્ચ શાંતિના સ્થળે ભક્તો છેલ્લા છ માસથી આવી શક્યા નથી છતાં પણ પ્રશાંતિ નિલયમમાં થતી બધી જ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ એક દિવસ માટે, અરે એક સત્ર માટે પણ બંધ રહ્યા વગર અવિરત ચાલુ જ રહી છે. વહેલી સવારમાં સુપ્રભાતમ્ થી લઇ નગર સંકિર્તન, સાંજના ભજન તથા આરતી બધી જ પ્રવૃત્તિઓ ઉત્સાહપૂર્વક હંમેશા ચાલુ જ રહી છે. સ્વામીની દિવ્ય કૃપા વગર કોઈના માટે ક્યારેય શક્ય હતું જ નહીં એવું હું માનું છું.

અત્યારે માનવતા, આ એક જ વખત સો સો વર્ષના સંકટનો સામનો કરી રહી છે. બધા જ સાઈભક્તો આતુરતાપૂર્વક એ દિવસોની રાહ જોઈ રહ્યા છે કે જ્યારે તેઓ પવિત્ર પ્રશાંતિ નિલયમની ભૂમિ પર પગ મૂકી શકે અને સ્વામીના દર્શન કરી શકે. અનિવાર્ય સંજોગોને કારણે અત્યારે તે શક્ય નથી તેમ છતાં આ એક ટૂંકો વિરામ છે. અમારી એક પ્રબળ ઈચ્છા છે કે ભક્તો તેમના પોતાના સ્થળે સલામત વાતાવરણમાં સુરક્ષિત રહે.

ચાલો, આપણે સૌ હૃદયના ઊંડાણથી સ્વામીને પ્રાર્થના કરીએ કે તેમની કૃપાથી બહુ જલદી તેમના ચરણ કમલમાં સૌ ભેગા થઈએ અને તેમના દિવ્ય પ્રેમની અનુભૂતિ પ્રાપ્ત કરીએ ત્યાં સુધી મારી આપ સૌ ભક્તોને નમ્ર વિનંતી છે કે તમે તમારી કાળજી લો અને સુરક્ષિત રહો.

સમસ્ત લોકાઃ સુખી નો ભવન્તુ
- બધા વિશ્વો સુખી રહો.

**- લેખક- શ્રીસત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે.**

## જીવન પ્રેમ છે – તેને વહેંચો

ડો. નરેન્દ્રનાથ રેડ્ડી

જીવનનું સર્વોચ્ચ સત્ય આપણને શિખવાડવા, ભગવાનશ્રી સત્ય સાઈબાબાએ સુંદર રૂપ ધારણ કર્યુ, મધુર નામ ધારણ કર્યુ અને આપણી વચ્ચે રહ્યા. 'તેઓ' આપણને શાંતિ અને આનંદનો માર્ગ બતાવવા અને તે થકી છેવટે મુક્તિ અપાવવાના હેતુથી જ અવતર્યા. બ્રિન્દાવન ખાતે આવેલ શ્રી સત્ય સાઈ કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોને ઉદ્દેશીને લખેલા એક પત્રમાં સ્વામી કહે છે, ''પરિવર્તન પામતા આ વિશ્વમાં, આપણે

જીવનની ઘણી બધી ચડતી-પડતીઓને નિહાળીએ છીએ. ખુશી અને દુઃખ ભર્યા સંજોગો અનુભવીએ છીએ. આપણે શારીરિક અને માનસિક એમ બન્ને પ્રકારની બિમારીઓને કારણે વ્યથિત થઈએ છીએ. શરીર, રોગગ્રસ્ત થાય છે અને મન, ચિંતાઓથી ઘેરાઈ જાય છે. આવી દુઃખ ભરી પરિસ્થિતિમાં અને જીવનની ધાંધલમાં, એક જ ઉપાય છે અને એ છે સાઈનું શરણું લેવું. માત્ર ને માત્ર, સાઈ જ આ બધી મુશ્કેલીઓ અને બિમારીઓને દુર કરીને, આપણને આરોગ્ય, શાંતિ અને સમૃદ્ધિ આપી શકે છે. જેના મુખમાં સાઈનું નામ છે તે તો જીવનમુક્ત જ છે કારણ સાઈનું સતત નામસ્મરણ, એના અહં-ભાવને નષ્ટ કરી દે છે અને એને સનાતન સત્યની અને અમરત્વની અનુભૂતિ કરાવે છે. આ નામ જે છે, એ સાઈ અને ભક્ત વચ્ચેની કડી (લિન્ક) છે. આ (નામ) ભક્તને સાઈની સામે ફેસ ટુ ફેસ લાવે છે અને સાઈ સાથે તેને એકાત્મતા હોવાનું ભાન કરાવે છે." અનેક દશકો (વર્ષો) પૂર્વે સ્વામીએ કહેલા આ શબ્દો, આજની પરિસ્થિતિમાં પણ એટલા જ સાચા પુરવાર થઈ રહ્યાં છે. ભગવાનના ઉપદેશોની આ જ તો સુંદરતા અને (જ્ઞાનની) અગાધતા છે.

આ ગ્રહ ઉપર ૮.૪ અબજ જેટલા જીવો વસે છે; જેમાં માનવ, એ ઈશ્વરે બનાવેલ સર્વોચ્ચ રચના છે. પૃથ્વી ઉપર આશરે ૭.૮ અબજ જેટલા લોકો રહે છે, પણ તે પૈકી મોટાભાગના લોકોને ખાવું-પીવું-ઉંઘવું અને મોજમજા કરવામાં જ રસ છે. ઘણા ઓછા લોકોને સત્યની શોધમાં – ઈશ્વરની ખોજમાં રસ છે. ભગવાનના આશીર્વાદથી-કૃપાથી, આપણે સદભાગી છીએ કે આપણે એવા લોકોમાં આવીએ છીએ કે જેઓ અંતિમસત્યની ખોજમાં રસ ધરાવે છે. ભગવાને આપણને આ માટેનો યોગ્ય માર્ગ બતાવેલ છે અને કહ્યું છે, કે આપણી અંતર્ભૂત રહેલી દિવ્યતાને પ્રાપ્ત કરવી-અનુભૂતિ કરવી એ જ તો માનવ જીવનનું ધ્યેય છે. 'તેઓએ' આપણને અનેકો અનેકો વખત કહ્યું છે કે તમે પ્રેમસ્વરૂપ છો – તમે દિવ્ય સ્વરૂપ છો–પ્રેમસ્વરૂપ લારા-દિવ્યાત્મસ્વરૂપ લારા. વાસ્તવમાં માનવ અને ઈશ્વર વચ્ચે કોઈ ભેદ જ નથી.

**અમૃતત્વના બાળકો.**

પરંતુ, આપણે આપણા જીવનમાં આ દિવ્યતાને દર્શાવવી જરૂરી છે, ઈશ્વરના સંપૂર્ણ સર્જનમાં આ દિવ્યતા નિહાળવી જરૂરી છે અને આપણા ભાઈ-બહેનોને આ અંતર્ભૂત દિવ્યતાનો અહેસાસ કરાવવામાં મદદરૂપ થવું જરૂરી છે. આમ, આત્મસાક્ષાત્કાર અને માનવતાની સેવા, એ આપણા મુખ્ય ઉદ્દેશો છે. સ્વામીના ઉપદેશોને યાદ રાખીને અને એમની કહેલી વાતોને જીવનમાં ઉતારીને, આપણે જીવનમુક્ત થઈ શકીશું, અને શ્વેતાશ્વેતર ઉપનિષદમાં કહેલી ઉક્તિ – વયં અમૃતસ્ય પુત્રાઃ આપણે અમૃતત્વના બાળકો છીએ, એ અનુભવી શકીશું. આપણે માત્ર શરીર-મન અને બુદ્ધિ (જેવા મરણાધીન તત્વો) નથી, આપણે સાચે જ અવિનાશી છીએ. જ્યારે આપણે જાણી લઇએ છીએ કે આપણે જ પરમ

સત્ય છીએ, પછી બીજુ કાંઇ જાણવાની જરૂર પણ રહેતી નથી. એકવાર સ્વનું જ્ઞાન મેળવ્યા પછી, આપણે પૂર્ણ રીતે આનંદી અને પરમસુખી થઈએ છીએ. આ જ પરમસુખની સ્થિતિ છે. આનો એક વધારાનો ફાયદો એ છે કે દુનિયાની કોઈ પણ ખરાબમાં ખરાબ આપદાઓ અને દુઃખો, આપણને વ્યથિત નહીં કરી શકે, કારણ, આપણે હંમેશા એ જ પરમસુખની સ્થિતિમાં હોઈશુ – અમૃતસ્ય પુત્રો નો આ અર્થ છે.

## વૈશ્વિક મહામારી.

આજે આખુ વિશ્વ દ્વિધાભરી સ્થિતિ અને કટોકટીનો સામનો કરી રહ્યું છે – આપણે બધા કોવિડ-૧૯ ના રોગચાળાની અસરમાં લપેટાયા છીએ, જેને લીધે આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થય અને એકંદરે માનવજીવન બગડ્યા છે. ઓક્ટોબર-૨૦૨૦ સુધીમાં, આશરે ૪૦ કરોડ લોકોને આ રોગની અસર થઈ છે, કે જે રોગનું નિવારણ જાણી શકાયું નથી અને પરિણામે – એક કરોડથી વધુ લોકો મૃત્યુના મુખમાં હોમાઈ ગયા છે – અને ભાવિ તો હજુયે અચોક્કસ છે. ઘણા લોકોને નોકરી ગુમાવવી પડી છે તો ઘણા લોકોને એમના વ્યવસાયો બંધ કરવા પડ્યા છે અને આમ, સમગ્ર સમાજ આને લીધે અસરગ્રસ્ત છે. આ વૈશ્વિક સમસ્યા ઉપરાંત, સ્થાનિક પ્રશ્નો પણ છે જ – કુદરતી આફતો જેમકે આગ, હરિકેન્સ, દુષ્કાળ, ભૂકંપ અને દુનિયાના ઘણા દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધો. જેમ, ભગવાન બુદ્ધે અને શ્રી કૃષ્ણએ અગાઉ જણાવ્યું જ હતું કે આ દુનિયા ક્ષણભંગુર છે, વેદના, દુઃખો અને કષ્ટોથી ભરેલી છે. આપણે, જીવનના પડકારોનો સામનો કેવી રીતે કરવો જોઈએ? જ્યારે અનેક લોકો, ભય, નિરાશાત્મક્તા, બેચેની અને દુઃખોથી મુક્ત થવા મથતા હશે, ત્યારે આપણે સદભાગી છીએ કે સાઈના સુરક્ષા કવચથી આપણે રક્ષિત છીએ. 'એનું' નામ, 'એના' ઉપદેશો, 'એનો' પ્રેમ અને 'એનું' કાર્ય-એ આપણને જીવનના કોઈ પણ પડકારોને ઝીલવાનું સામર્થ્ય બક્ષે છે.

સાઈનો સાથ, આપણને કોઈ પણ મુશ્કેલીઓનો સામનો કરવા માટે તાકાત, હિંમત, ધીરજ અને સ્થિત રાખવાની ઊર્જા પૂરી પાડે છે. માનવીને એના મુશ્કેલી ભર્યા સમયમાં, આ જ શક્તિ, ઈશ્વર આપે છે. સ્વામીએ આપેલ અનેક સંદેશાઓમાંથી, ચાર સંદેશાઓ એવા છે જે આજની સાંપ્રત સ્થિતિમાં બરાબર ફીટ બેસે છે.

## 'જીવન' ઉપર સ્વામીનો સંદેશ.

વર્ષ ૧૯૭૨ ના સ્વામીના જન્મ દિવસ ઉપર અને વર્ષ ૧૯૯૮ ના નવા વર્ષના સંદેશોમાં, સ્વામીએ કહ્યું હતું કે, જીવન એ સ્વપ્ન છે-એને સાકાર કરો; જીવન એક પડકાર છે-એને ઝીલી લ્યો; જીવન એ એક રમત છે-રમી લ્યો; જીવન એ પ્રેમ છે- એને વહેંચી લ્યો. સ્વામીના આ મુદ્દાઓ ઉપર થોડુ વિસ્તૃત સમજીએ.

**જીવન એ એક સ્વપ્ન છે-એને સાકાર કરોઃ-**
સ્વામી, મહાન રાજા અને માતા સીતાના પિતા એવા રાજા જનકનો દાખલો આપે છે. એક

વખત, રાજાને એક સ્વપ્નું આવ્યું કે તે એક યુદ્ધ લડી રહ્યા હતાં અને એના દુશ્મનોએ એને ભગાડી મૂક્યા અને એનું રાજ્ય લઈ લીધું-તેણે જંગલમાં આશરો લીધો પણ નવા રાજા દ્વારા શિક્ષા થશે એ ભયથી કોઈએ એને ખાવાનું-પીવાનું ન આપ્યું. છેવટે, તેણે તેના રાજ્યની સરહદ ઓળંગીને બહાર નીકળીને જોયું તો કોઈ ખાવા-પીવાનું વહેંચી રહ્યા હતા. જેવો તે દાતા પાસે પહોંચ્યો, ખાવા-પીવાનું ખુટી ગયું; અને રાજાને ખાવા માટે રોટલીના નાના ટુકડા જ મળ્યા. પરંતુ જ્યારે તે તેને ખાવાનું શરૂ જ કરતો હતો, તેવામાં એક સમડી આવી અને તેનું ખાવાનું ઝુટવી ગઈ. તે એટલો ભૂખ્યો અને તરસ્યો થઈ ગયો હતો કે સ્વપ્નમાં ઢળી પડ્યો. હવે તે જાગ્યો ત્યારે પરસેવાથી રેબઝેબ અને ભયભિત થઈ ગયો હતો. આપણામાંથી ઘણા બધા આ આખી વાતને ભીષણ સ્વપ્ન તરીકે વિચારીને છોડી દેશે, પરંતુ રાજા જનક તો તત્વજ્ઞાની અને બ્રહ્મજ્ઞાની હતા. તેઓ પોતાની જાતને પૂછતા રહ્યાં કે શું તે સ્વપ્ન સાચું ગણવું કે જાગ્રત અવસ્થા સાચી ગણવી?. તેની આવી સતત વિચારધારાને કારણે તેના સેવકો મુંઝાઈ રહ્યા હતા; છેવટે તેમણે રાણીને બોલાવી. રાજા જનક તો રાણીને પણ સતત એજ પ્રશ્ન પૂછતા રહ્યાં; એમના સાથીદારોને પણ પૂછતા રહ્યા. છેવટે રાજાને સાજા કરવા રાજવૈદ્યને બોલાવવામાં આવ્યા. અંતે તો રાજા જનકના ગુરુ અને સંત અષ્ટાવક્રને બોલાવવામાં આવ્યા. સંત તો મહાન હતા જેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું જ જાણતા હતા અને બ્રહ્મજ્ઞાની શિરોમણી હતા. તેમણે રાજા જનકને કહ્યું, "પેલુ પણ સાચુ નથી કે આ પણ સાચુ નથી. માત્ર સત્ય છે, તે તું-તારી જાત જ. સ્વપ્નાવસ્થા કે જાગ્રતાઅવસ્થા બન્ને સાચા નથી. સત્ય એજ વાસ્તવિક છે. સત્ય એ જે ક્યારેય બદલાય નહી (શાશ્વત રહે).

જ્યારે હું ૧૯૮૦ માં સ્વામી સાથે હતો, ત્યારે આજ વિષય છેડાયો અને મેં પૂછ્યું, ''સ્વામી, શું જાગૃતાવસ્થા મિથ્યા છે કે સ્વપ્નાવસ્થા મિથ્યા છે? સ્વામીએ કહ્યું,"બન્ને મિથ્યાછે. આપણું રોજીંદુ જીવન એ દિવસનું સ્વપ્ન છે અને આપણા રાત્રિ સ્વપ્ના એ પણ એવી જ સ્થિતિ છે. તમારે આ સત્ય સમજવું જોઈએ". મેં વળતો જવાબ આપ્યો, "સ્વામી, તો પછી તમે પણ સ્વપ્ન જ છો". તેમણે કહ્યું, "હા, પણ હું તો બધી જ અવસ્થાઓમાં હાજર છું-જાગૃતાવસ્થા, સ્વપ્નાવસ્થા, ગાઢનિંદ્રા અને અનુભવાતીત અવસ્થા (તુર્યાવસ્થા). હું તો દરેક સ્થિતિમાં છું જ". તેમણે કહ્યું કે તેઓ તો વૈશ્વિક ચેતનામાં નિહિત છે (કોન્સ્ટન્ટ ઇન્ટીગ્રેટેડ અવેરનેસ) કે જેને આપણે એકમાત્ર સત્ય તરીકે ઓળખવાની છે. ત્યારપછી બધું જ આપણને ગૌણ અને સામાન્ય લાગવા લાગશે. સ્વામીએ આમ, આ નિરાકરણ આપ્યું – કે જીવન સ્વપ્ન છે તેને રીયલાઈઝ કરો.

**જીવન એક પડકાર છે-તેનો સામનો કરો:-**

સ્વામીએ બીજો મુદ્દો કહ્યો કે જીવન એક પડકાર છે – તેનો સામનો કરો. જ્યારે આપણી સામે કોઈ આહ્વાન આવે છે, ચુનૌતી આવે છે ત્યારે આપણે બેબાકળા થઈ જઈએ છીએ. નિરાશ

બની જઈએ છીએ અને એથી ઉપર ઉઠવા માટે આપણે બધા પ્રયત્નો છોડી દઈએ છીએ. સ્વામીએ કહ્યું કે, નબળું હૃદય એ અપેક્ષિત નથી (એવું હોવું તિરસ્કાર્ય છે). આપણે કોઈ પણ ચેલેન્જનો શક્તિપૂર્વક અને હિંમતથી સામનો કરવો જોઈએ. જેવી રીતે ભગવાન કૃષ્ણએ અર્જુનને ઉભો કર્યો હતો, તેની નિરાશાને દૂર કરી, યુદ્ધ કરવા પ્રેર્યો હતો, તેમ સ્વામી પણ આપણને જીવનમાં આવતા દરેક પડકારોનો, ધીરજ પૂર્વક, સમજી-વિચારીને અને હિંમતપૂર્વક સામનો કરી, જીતી લેવાનું શિખવાડે છે. તે આપણને સલાહ આપે છે કે, "મારા વિશે વિચારો અને શત્રુની સાથે લડાઈ કરો". તેઓ એમ પણ કહે છે, (ચાર F), માલિકને અનુસરો, શત્રુનો સામનો કરો, અંત સુધી લડી લ્યો અને વાત (રમત) પૂરી કરી દો". આમ, આવી પરિસ્થિતિઓમાં આપણે આ વલણ અપનાવવું જોઈએ.

<u>જીવન રમત છે –રમી લ્યોઃ-</u> ત્રીજું સ્વામી કહે છે-જીવન રમત છે-રમી લ્યો. તેઓ શિખામણ આપે છે કે, દરેક બાબતને એક દિવ્ય રમત તરીકે તમે જુઓ, કે ઈશ્વરની ઈચ્છા વગર કાંઈ પણ થતું નથી. પ્રભુની ઈચ્છા વગર તણખલાનું એક પાંદડુ પણ હલતુ નથી. આથી, આપણને એક દૃઢ વિશ્વાસ હોવો જોઈએ કે જે પણ કાંઈ થાય છે તે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જ થાય છે અને તે આપણા સારા માટે જ હોય છે. આવું જો વલણ આપણે અખત્યાર કરીશું તો આપણું જીવન જ બદલાઈ જશે; અને આપણે જીવનની ચડતી-પડતીને સમાનતાથી માની લઈશું. સાથે સાથે આપણે એ પણ યાદ રાખીએ કે સ્વામીએ આપણને ખાતરી આપેલી છે કે તેઓ હંમેશા આપણી સાથે જ છે. તેઓએ કહ્યું જ છે કે "વ્હાય ફીયર વ્હેન આઈ એમ હીયર?" (હું છું પછી ડર શાનો?). ચાલો, આપણે સ્વામીના ઉપદેશોને ધ્યાનમાં રાખીને જીવનની રમત રમી લઈએ.

<u>જીવન પ્રેમ છે-એને વહેંચોઃ-</u> સ્વામી કહે છે, જીવન પ્રેમ છે-એને વહેંચો ને આનંદ માણો. આ સમગ્ર ઉત્પત્તિ (સર્જન) અને તેનું ટકી રહેવું એ માત્ર પ્રેમ, પ્રેમ અને પ્રેમ જ છે. બાબાએ શિખવાડ્યું કે પ્રેમ એ જ સ્રોત છે, પ્રેમ એ જ માર્ગ છે અને પ્રેમ એ જ લક્ષ્ય છે. પરંતુ આપણને ઈશ્વરને પ્રેમ કરવાની તીવ્ર ભાવના હોવી જોઈએ, તેનું નામ, સતત સ્મરતું રહેવું, તેની લીલાઓ અંગે વાંચતા રહેવું અને તેના ભવ્ય-દિવ્ય કાર્યોમાં ભાગ લેતા રહેવું જોઈએ- આ બધા માટે આપણને અતિશય લાલસા/તીવ્ર મનેચ્છા હોવી જોઈએ. આ માટે ઉત્તમ ઉદાહરણ છે તે હનુમાનનું, જે હંમેશા એજ વિચારતા રહેતા કે તે પ્રભુની વધુ ને વધુ સેવા કેમ કરતા રહે, તેની દિવ્યતાનું ગાન કરતા રહે, તેની વાતો કેમ સાંભળતા રહે અને તેના કામ કેવી રીતે કરતા રહે. જ્યારે જ્યારે રામનો મહિમા ગવાતો ત્યારે હનુમાનની આંખોમાંથી હર્ષાશ્રુ નિકળતા. તેવી જ રીતે આપણને પણ સ્વામીની વધુ ને વધુ વાતો સાંભળવાની ઉત્કંઠા અને સ્વામીના કાર્યો કરવાની ઉત્કંઠા હોવી જોઈએ. તેમના ડીવાઈન મીશનમાં જોડાવવું એ તો મોટામાં મોટા

આશીર્વાદ છે, કારણ સ્વામીએ કહ્યું છે કે 'તેઓ' તો આપણને, એમના આ કાર્યો માટે જન્મજન્માંતરોથી તૈયાર કરી રહ્યા છે. આથી, આવી અનુગ્રહિત મળેલી તકનો આપણે શ્રેષ્ઠ ઉપયોગ કરી લઈએ – કારણ કદાચ ફરી આવી તક નહીં મળે.

**શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠન.**

ભગવાને ક્હ્યું છે કે માનવ સેવા એ માધવ સેવા અને આથી જ તેઓએ આગળ પણ કહ્યું કે ઈશ્વરને પ્રેમ કરવાની શ્રેષ્ઠ રીત એજ છે કે બધાને ચાહો અને બધાની સેવા કરો. એમનું જીવન એજ એમનો સંદેશ હતો અને તેઓ તો પ્રેમનો ભંડાર છે. એમના જીવનથી પ્રેરાઈને જ (ભારત બહારના) ૧૨૦ જેટલા દેશોમાં માનવતાના સેવા પ્રકલ્પો શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠને હાથ ધર્યા છે. આપણે સૌ ખુશનસીબ અને આશીર્વાદિત છીએ કે, માનવીના ઉદ્ધાર માટે સ્વામીએ જાતે રસ લઈને શૈક્ષણિક અને વૈદ્યકીય સંસ્થાઓ, શ્રી સત્ય સાઈ સંગઠનો, ઉભા કર્યા, તેને માર્ગદર્શિત કર્યા અને ફૂલાવ્યા-ફાલવ્યા.

શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠને, અનેક અવરોધો અને પડકારોને ઝીલતા-ઝીલતા, સ્વામીએ બતાવેલ માર્ગ પર ચાલીને કાર્ય કરવાનું ચાલુ રાખ્યું છે.

**કોવીડ-૧૯ મહામારીની સામે શ્રી સત્ય સાઈ સેવા સંગઠને કરેલ કાર્ય.**

**ભૂખ્યાને ભોજન :** આફ્રિકા ખંડ એ અન્નની અછતથી પીડાતો ખંડ જેમાં ૨૫૦ કરોડ લોકો ભૂખથી પીડાઈ રહ્યા છે. ઓક્ટોબર-૨૦૨૦ સુધી, શ્રીસત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠને દુષ્કાળ પ્રભાવિત અનેક આફ્રિકન દેશો કે જ્યાં કોવીડ-૨૦૧૯ ની મહામારી ઉપરાંત અન્ય કાંઈકને કાંઈક કુદરતી વિપદાઓ આવ્યા જ કરે છે ત્યાં ૨૦૦ ટન થી વધુ અન્ન (ખાદ્ય પદાર્થો) પુરા પાડ્યા. ૨૦ ફુટ લાંબા એવા ૧૧ શિપીંગ કન્ટેનર્સ ભરીને ખાદ્યપદાર્થો – એંગોલા, બેનીન, કેમરૂન, કોંગો, ગાબોન, આઇવરી કોસ્ટ, માડાગાસ્કર, નાઈજીરીયા, સેનેગલ, સાઉથ આફ્રિકા અને ટોગો દેશોને પહોંચાડવામાં આવ્યા. અનેક મહિના સુધી ૧૩૦૦ પરિવારોને ચાલે તેટલું રાશન તેમાં ભરેલ હતું. ઉપરાંત કેન્યા અને ઘાનાના શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠને ગરીબીમાં સબડતા અનેક સ્થાનિક કુટુંબોને હજારોની સંખ્યામાં ખાદ્ય કીટો વહેંચી.

ભગવાન શ્રી સત્ય સાઈ બાબાના ભક્તોએ, અનેક દેશોમાં જરૂરતમંદ અને ભૂખ્યા લોકોને હજ્જારો કિલો ગ્રામ ખાદ્ય પદાર્થો પૂરા પાડ્યા. ઓસ્ટ્રિલીયા, કેનેડા, ગ્વાટેમાલા, હોંગ-કોંગ, ઇન્ડોનેશિયા, કઝાખસ્તાન, મેક્સીકો, મ્યાનમાર, નેપાલ, રશિયા, શ્રીલંકા, યુક્રેઈન, યુ.કે., યુ.એસ.એ. અને વેનેઝુયેલા-આટલા જ કાંઈ આ દેશો નથી (આથી પણ વધુ છે) આ નિઃસ્વાર્થ સેવાના લાભાર્થીઓમાં-ઘરવિહોણા આશ્રિતો, નિરાધારો, નર્સીંગ હોમ્સ, ધર્મશાળાઓ, ફુટપાથીયાઓ, ત્યક્તાઓ, કંગાળ લોકો ઈત્યાદિ-ઈત્યાદિ હતા – આ બધા આ વૈશ્વિક મહામારીમાં ખૂબજ ખરાબ સ્થિતિમાં સપડાયેલા હતા. નેપાળમાં, આર્થિક પ્રવૃત્તિ

મંદ થઇ જવાથી પ્રાણી જગતના અનેક પ્રાણીઓ પણ સંકટમાં હતા તેમને પણ ખવડાવવાનું કાર્ય સ્વામીના ભક્તોએ કર્યું.

<u>પર્સનલ પ્રોટેક્ટીવ ઇક્વીપમેન્ટ (પીપીઈ).</u>

યુ.એસ.એ.ના ભક્તોએ ઉત્તમ પ્રકારની પીપીઈ નું સંશોધન કરી, તેનો કાચો માલ ભેગો કરી, ડિઝાઇન બનાવી, તૈયાર કરીને જ્યાં જ્યાં પીપીઈ ની તીવ્ર અછત હતી ત્યાં વહેંચણી કરી. ઓક્ટોબર-૨૦૨૦ સુધી આશરે ૪૦,૦૦૦ માસ્કસ્, ૨૫૦૦ ફેસ શીલ્ડસ્, ૭૦૦ હોસ્પિટલ ગાઉન્સ, ૪૦૦ સ્ક્રબ કેપ્સ, ગ્લોવ્ઝના ૫૬૦૦ ખોખા અને ૮૦૦ સેનીટાઈઝર્સ – હોસ્પિટલ્સ, મેડીકલ ક્લિનીક્સ, ડેન્ટલ ફેસીલીટીસ, નિરાશ્રિત સ્થાનો અને નર્સીંગ હોમ્સમાં વહેંચવામાં આવી.

કેનેડા, યુ.કે., થાઈલેન્ડ, નેપાળ અને બીજા ઘણા દેશોના શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠનના સભ્યોએ હજ્જારોની સંખ્યામાં ફેસ માસ્કસ્, સેંકડોની સંખ્યામાં ફેસ શીલ્ડસ, હેન્ડ સેનીટાઈઝર્સ અને અન્ય ચીજ-વસ્તુઓ હેલ્થકેઅર પૂરી પાડનારા કે જેઓ કોડવીડ-૧૯ ના દર્દીઓની સેવા કરતા હતા- તેમને મફતમાં પૂરા પાડ્યા.

**<u>સ્વાસ્થ્ય શિક્ષણઃ-</u>** શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠને, ૧૧ એપ્રિલ ૨૦૨૦ ના રોજ હેલ્થકેઅર નિષ્ણાંતો માટે એક માહિતીપ્રદ અને અભ્યાસલક્ષી વેબનાર નું આયોજન કર્યું હતું જેમાં જુદા જુદા મેડીકલ સ્પેશ્યાલીટીઝના નિષ્ણાતોએ કોવીડ-૧૯ની સ્થિતિ અને તેનું વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે ચર્ચા-વિચારણા કરી તાઃ૧૨ એપ્રિલ ૨૦૨૦ ના રોજ, સામાન્ય જનતા માટે વેબનાર નું આયોજન કરવામાં આવ્યું જેનું શિર્ષક હતું – "કોવીડ-૧૯ ની હકીકતો અને માન્યતાઓ – આ કટોકટીની પળોમાં સમાજની સેવા કેવી રીતે કરવી" આ બન્નેના પ્રોસીડીંગ્સ, શ્રીસત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠનની વેબસાઈટઃ https://sathyasai.org/healthy-living/coronavirus/webinars પર સામાન્ય જનતા માટે ઉપલબ્ધ છે. આજ પ્રકારના કોવીડ-૧૯ ના પ્રિવેન્ટીવ શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન મેક્સીકો, શ્રીલંકા અને અન્ય ઘણા બધા દેશોમાં શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠન વતી કરવામાં આવ્યું. વિશ્વભરમાં, આ વર્ષમાં કરવામાં આવેલા આવા અસંખ્ય પ્રોજેક્ટસ્ ના આ તો માત્ર ઉદાહરણ છે.

**<u>શ્રી સત્ય સાઈ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનનો ગો-ગ્રીન ઈનીશીએટીવ –</u>**

**<u>ઈશ્વર જ કુદરત છે – કુદરત જ ઈશ્વર છે.</u>**

વિશ્વ આજે પર્યાવરણીય પડકારોનો સામનો કરી રહ્યું છે. આ પડકારો આપણી તંદુરસ્તી, આપણું કલ્યાણ અને મનની શાંતિને અસર કરી રહ્યાં છે. આ પ્રશ્નોને સુલઝાવવાનો ઉત્તમ ઉપાય છે – ઈચ્છાઓ ઉપર નિયંત્રણનું પાલન – જેમ કે, પેટ્રોલિયમ અને ઊર્જાનો ઉપયોગ ઘટાડવો, પ્લાસ્ટિકનો અને પાણીનો વપરાશ પણ ખપ પુરતો જ કરવો – સાથે સાથે અન્ય સકારાત્મક પગલાઓ પણ લેવા, જેથી

કરીને પ્રાકૃતિક સંસાધનોજે અતિ કિંમતી છે તેનો કારણ વગર બગાડ ન થાય.

"વાતાવરણને શુદ્ધ કરવું તે પ્રાથમિક બાબત છે, જે હવા, પાણી અને અન્નના પ્રદુષિત થવાને લીધે થાય છે. પ્રદુષણને કારણે પાંચેય તત્વો દૂષિત થયા છે. આથી લોકોએ વાહનોનો ઉપયોગ ઘટાડવો જોઈએ અને હાનિકારક ઔદ્યોગિક રસાયણિક કચરા ઉપર નિયંત્રણ રાખવું જોઈએ".

**- શ્રી સત્ય સાઈ બાબા, ૬ જાન્યુઆરી ૧૯૯૩**

શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠને, પર્યાવરણને ધ્યાનમાં રાખીને ઈચ્છાઓ ઉપર નિયંત્રણનું પાલન કરીને અને માનવ મૂલ્યોને જીવનમાં વણી લઈને પ્રેમને સ્થાપવા માટેની પહેલ માટેના ઘણા કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. ઘણા એવા ચાવીરૂપ પર્યાવરણીય પ્રોજેક્ટસ્ ને કાર્યાન્વિત કરાયેલા છે અને ભગવાનના ડીવાઈન મીશનના ભાગરૂપે વિશ્વભરમાં ચાલી રહ્યા છે જેમકે, થાઈલેન્ડમાં સોલર પ્રોજેક્ટ – અઝરબૈજાન, ઓસ્ટ્રેલીયા, બેહરીન, કેનેડા, જર્મની, કઝાકીસ્તાન, કેન્યા, મોલ્ડોવા, ન્યુઝીલેન્ડ, પોલન્ડ, સાઉથ આફ્રિકા અને યુ.એસ.એ. માં જંગલોના પુનર્જીવન માટે મોટા પાયે વૃક્ષારોપણ, - કેનેડા, દુબઈ, ઘાના, મેક્સીકો, નેપાળ અને રશિયામાં સમદ્રતટો અને નદી કિનારાઓને સ્વચ્છ કરવા – વિગેરે વિગેરે – આતો માત્ર થોડાક જ દાખલાઓ છે. આ ઉપરાંત શ્રી સત્યસાઈ આંતરરાષ્ટ્રિય સંગઠનની યુવા પાંખ, યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટલ પ્રોગ્રામ (U N E P) માં સક્રિયરૂપે ભાગ લઈ રહી છે. ભગવાને કહ્યું છે જો પર્યાવરણીય સંતુલન જળવાશે તો જ માનવી જીવન જીવવું ફળીભૂત થશે. વધુ માહિતી માટે આ જોઈ શકો છો https://sathyasai.org/environmental-sustainability

**શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠન વતી કમ્યુનીટીસને દત્તક લેવાનો કાર્યક્રમ.**

ભગવાનશ્રી સત્યસાઈબાબાના ૯૫ માં જન્મોત્સવના ભાગરૂપે અર્પણ કરવાનો એક પ્રકલ્પ, શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠને વર્ષ ૨૦૧૯ માં શરૂ કર્યો જેનું નામ હતું એડોપ્શન ઓફ કોમ્યુનીટીઝ; જેના થકી જરૂરતમંદોને શિક્ષણ, સ્વાસ્થ્ય સેવા, અન્ન, નિવાસ, પેયજળ અને અન્ય સેવાઓ આપીને તેમના જીવનમાં ફેરફાર લાવી શકાય. આ પ્રકલ્પનો મુખ્ય ધ્યેય છે – હૃદય પરિવર્તન – બન્નેનું - શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠનના કાર્યકર્તાઓનું અને સેવાના લાભાર્થીઓનું પણ. વિશ્વભરમાંથી ઓછામાં ઓછી ૯૫ કોમ્યુનીટીઝને એડોપ્ટ કરવાના ઉદ્દેશથી શરૂ કરાયેલો આ પ્રકલ્પ, અપેક્ષાઓ કરતા પણ વધી ગયો હોઈ આજે ૪૦ દેશોમાંથી આશરે ૧૬૦ કોમ્યુનીટીઝના સથવારે આ પ્રકલ્પ પહોંચ્યો છે. બધા જ પ્રોજેક્ટસ્ ની સંપૂર્ણ યાદી પૂરેપૂરા વિવરણ સાથે https://sathyasai.org/adoption-of-communities આ શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠનની વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે.

**આગળ જોતા.**

ભગવાનનો સનાતન અને વૈશ્વિક સંદેશ, આજે આપણને આ વૈશ્વિક મહામારીની સામે, હિંમતથી, શ્રદ્ધાથી અને સંયમથી લડવા માટે મદદ કરી રહ્યો છે. ભગવાનના આશીર્વાદથી, ચાલો આપણે, એકતાથી અને પવિત્રતાથી નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા કરતા આગળ વધીએ. આવો આપણે પ્રેમમાં રહીએ અને પ્રભુનો પ્રેમ બધાને વહેંચતા રહીએ. – સમસ્ત લોકઃ સુખીનો ભવન્તુ – (બધા સુખી થાવ)

**- લેખક, શ્રી સત્ય સાઈ આંતરરાષ્ટ્રિય સંગઠનના ચેરમેન છે.**

## ભગવાન જે હૃદય નિવાસી છે તેજ સાચા સનાતન સારથિ છે

- નિમિષ પંડ્યા

માનવીય જીવનપર 'સનાતન સારથિ' શબ્દની અતિ શક્તિશાળી અસર જોવા મળે છે. માનવી અનુભવમાં સનાતન સારથિ શબ્દ અતિ આનંદ દાયક અને પૂર્ણ સુખનો અનુભવ કરાવે છે. શબ્દ 'સનાતન'નો અર્થ 'શાશ્વત્ અને શબ્દ 'સારથિ'નો અર્થ 'જીવન રથ પર સંપૂર્ણ કાબુ ધરાવનાર ભગવાન'. ઉદાહરણ તરીકે માનવજીવન, ભવ્ય દિવ્યતાની અનંત શક્તિ તરફ આપણું ધ્યાન દોરે છે. આપણા સૌમાં આ દિવ્યતાનો અંશ અને ચિનગારી રહેલ છે.

**સનાતન સારથિ એ ખુદ ભગવાન તરફથી આપવામાં આવેલ દિવ્ય સંદેશ છે.**

દિવ્યતાનો તણખો (ચિનગારી) એ માનવીમાં રહેલ શક્તિ છે જે માનવીના સર્વસ્વને શક્તિ પ્રદાન કરે છે. આ શક્તિ વડે માનવી પાંચ ઈન્દ્રિયોને કાબૂમાં રાખી શકે છે. જે 'સારથિ'ના પાંચ અશ્વો અને રથ દ્વારા પ્રતિકાત્મક રીતે દર્શાવાયુ છે. આ દિવ્યશક્તિ, માનવીને સારથિ બનવા આતુર કરે છે અને તેના આ કાર્યમાં મદદ કરવાનું સુચવે છે. જો પરવાનગી આપવામાં આવે તો સંપૂર્ણ શરણાગતિ અને ભક્તિથી આ શક્ય બની શકે છે. જો સાચી રીતે કહેવામાં આવે તો માનવીના જન્મ અને મૃત્યુ વચ્ચેની ઘટમાળમાં આ જ સાચો રસ્તો છે. જેના વડે માનવ જીવન જીવી શકાય. કુરુક્ષેત્રના રણમેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણે, આ રહસ્ય તેમના સખા અર્જુન સમક્ષ છતું કર્યું હતું જે મહાભારતની કથામાં વર્ણવવામાં આવ્યું હતું.

ભગવાન શ્રી સત્ય સાઈબાબાના પૂર્ણ (શરીરી) અવતારના સંદર્ભમાં 'સનાતન સારથિ' આ શબ્દ ખૂબ મહત્વ ધરાવે છે. ભગવાન શ્રી સત્ય સાઈબાબાની અનંત કૃપા અને કરુણાનો ધોધ માનવ જાત પર વરસી રહ્યો છે અને તેથી જ તેમણે 'સનાતન સારથિ' જેવું ઉપનામ ધારણ કરી, શાશ્વત સત્ય વિશે પોતાના જ હસ્તાક્ષરથી માનવજાતના કલ્યાણ માટે લખવાનું ઉચિત માન્યું.

આ પૂર્ણ સુખી જીવન જીવવાની ચાવી છે. જે 'સનાતન સારથિ' ના સંદેશમાં ભારપૂર્વક જણાવવામાં આવી છે અને જેને માટે આપણે સૌ ઝંખીએ છીએ. આપણે ઘણા ભાગ્યશાળી

છીએ કે આપણે એ જ સમયમાં 'સનાતન સારથિ' સાથે તેમના આશ્રય હેઠળ (વડપણ હેઠળ) જીવી રહ્યાં છીએ જ્યારે તેમની કૃપા, કરુણા અનરાધાર વરસી રહી છે. વધુ ભાગ્યશાળી એટલે પણ છીએ કે તેઓનું માર્ગદર્શન, તેઓના શબ્દોમાં પૂર્ણ સત્ય સ્વરુપે, તેઓના જ અક્ષરોમાં, હસ્તાક્ષરોમાં તેઓના જ સામયિક જેનું નામ 'સનાતન સારથિ' છે એ દ્વારા મેળવી રહ્યા છીએ. સાચું કહીએ તો 'સનાતન સારથિ' સામયિક એ ભગવાન શ્રી સત્ય સાઈબાબા દ્વારા જ પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં તેઓના હસ્તાક્ષરમાં સનાતન સત્ય રજૂ થયેલ છે. આ એક દિવ્ય લખાણ છે જેમાં દિવ્ય સંદેશા તેમના જ અક્ષરોમાં તેઓ દ્વારા જણાવવામાં આવ્યા છે (લિખિત છે).

**અવતારને તમારા 'સનાતન સારથિ' બનાવો.**

હું કહું છું કે સત્ય સાઈ સેવા સંગઠને આ દિવ્ય મિશન કાર્યમાં પોતાનું એક વિશિષ્ટ સ્થાન છે. ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ તેમના પૃથ્વી પરના સમયમાં જીવનમાં માત્ર એક જ સંદેશ પર ભાર મૂક્યો છે કે 'ભગવાન તમારા (માનવીના) હૃદય (અંતર)માં જ રહે છે અને એજ ભગવાન અન્યના હૃદયમાં પણ નિવાસ કરે છે. અને બ્રહ્માંડની દરેક બાજુએ, કણ-કણમાં વસે છે. સંતાકૂકડી જેવી રમતના ઉદાહરણ દ્વારા એ જ સમજાવે છે કે, જીવનનું રહસ્ય એ જ છે કે, સંતાયેલ દિવ્યતાને જડ-ચેતન સર્વ પાસામાંથી શોધી કાઢવી. આ રમતમાં માત્ર એક જ વિઘ્ન જીવન દરમિયાન આવે છે, તે છે મનની ચંચળતા અને ઈન્દ્રિયોનું બેકાબૂપણું / ઇન્દ્રિયોની સ્વચ્છતા આ બંનેને વિવેકબુદ્ધિથી જીતવા એ જ આપણું પરમ લક્ષ્ય છે.

એવી બુદ્ધિનો વિકાસ કે જે આંતરદર્શન કરી શકે. દિવ્યતાનો અનુભવ કરી શકે. એવો નિર્ણય કરવો એ જ મુખ્ય અગત્યતા છે. અને માનવીનું લક્ષ્ય એ જ હોવું જરૂરી છે. દિવ્યની શરણાગતિ અને તેનો રોજ-બ-રોજનો મહાવરો ખૂબ જ જરૂરી બની જાય છે. જેથી માનવી પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખી શકે. જીવન રથના આ અશ્વો એજ ઇન્દ્રિયો. દિવ્યતાની શરણાગતિ એટલે આ અશ્વોની લગામો 'સનાતન સારથિ'ને સોંપી દેવાની હિંમત કેળવવી તે અત્યંત જરૂરી છે. આ રીતે, આપણી દરેકની અંદર રહેલી દિવ્ય ચેતના જ સનાતન સારથિનું સ્વરૂપ ધારણ કરી કાર્ય કરે છે; જે વિવેક શક્તિનો સ્રોત બની જાય છે, અને એ જ આપણી અંદર રહેલી અંતરભૂત દિવ્યતાની અનુભૂતિ કરીને જીવનમાં સફળતા મેળવવા માટે અગત્યની ચાવી છે.

શ્રી સત્ય સાઈ સેવા સંગઠન એક અદભુત મંચ છે. જે ભગવાન સ્વામીની ભેટ છે. પ્રત્યેક માનવીને આ મંચ દ્વારા (સ્વ અને સ્વામીનો સંબંધ) તથા 'સનાતન સારથિ' સાથેનો સંબંધ તથા તેની પ્રગતિ પ્રત્યક્ષ થાય તે હેતુસર આ મંચ નો ઉપયોગ કરી શકાય છે. આ મંચ દ્વારા 'દિવ્ય સાધના'માં જોડાઈ શકાય છે અને ઇન્દ્રિયો પર કાબૂ મેળવી શકાય છે તથા મનની ચંચળતા દૂર કરી શકાય છે.

મનને શાંત કરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ અને સાદી હોવાને કારણે આ સિદ્ધિ હાંસલ કરી શકાય છે અને જીવનયાત્રાને આનંદયાત્રા બનાવી શકાય છે.

શ્રી સત્ય સાઈ સેવા સંગઠનની ત્રણ પાંખો છે. આધ્યાત્મિક, શૈક્ષણિક અને સેવાકીય અથવા સેવા. સેવા માનવીને વ્યક્તિગત પરિવર્તનનું ધ્યેય સિદ્ધ કરવા પ્રેરે છે અને આત્મા સાથે હુંફ અને એકતા પૂરા પાડે છે. આ આધ્યાત્મિક અનુભવ માનવીને પોતાના જીવનના રથની લગામ દિવ્ય સારથિને હવાલે કરવા પ્રેરે છે અને આ રીતે જન્મ અને મૃત્યુ વચ્ચેના સમયગાળાને આનંદથી માણવા પ્રવૃત્ત કરે છે.

સામાન્ય રીતે 'સનાતન સારથિ' શબ્દનો ઉપયોગ સાહિત્યમાં ભાષાકીય રૂપક તરીકે થતો હોય છે. પરંતુ આપણે એટલા ભાગ્યશાળી છીએ કે 'સનાતન સારથિ' પોતે જ આપણને પૃથ્વી પર આવી આપણેને આ 'જ્ઞાન' પીરસી રહ્યા છે જેથી તેમના આધારે આપણે પૂર્ણ સુખ અને આનંદથી આ જીવન જીવી શકીએ. માનવજાતના ઇતિહાસમાં આવો પ્રસંગ અને આવી તક કોઈ પણ સમયે આવી નથી.

આજ સંદર્ભમાં કહેવાનું કે, ભગવાનશ્રી સત્ય સાઈબાબાની ૯૫ મી જન્મદિનની ઉજવણી પર, ભગવાન પોતે જ આપણાં ''સનાતન સારથિ'' બને એવી ઈચ્છા ધરાવનારાઓ માટે આવો મહત્વનો નિર્ણય લેવાની એક વધારાની તક છે.

**-લેખક- શ્રી સત્ય સાઈ સેવા ટ્રસ્ટ, ભારતના ઓલ ઈન્ડિયા પ્રેસીડેન્ટ છે.**

## ચિન્નકથા (લઘુવાર્તા)

### દરેક માટે ઈશ્વર જ નાથ છે

કબીર એક ગરીબ વણકર હતો. વણાટ કામ કરીને તે જે કાંઈ કમાતો તે પૈસાનો ઉપયોગ તે ગરીબોને ખવડાવવામાં કરતો. નફો કમાવા માટે તે ક્યારેય કામ ન કરતો. તે, પોતાના દ્વારા વણાયેલા કપડા ખૂબજ સસ્તા ભાવે કોઈ પણ જાતનો નફો કર્યા વગર વેચતો. ક્યારેક જો અતિ ગરીબ વ્યક્તિ તેની પાસે કપડા ખરીદવા આવે તો તે તેને કપડા મફતમાં આપી દેતો અને તે દિવસે તે ભૂખ્યો રહી ઉપવાસ કરી લેતો. વણાટ કામ કરતી વખતે તે હંમેશા સતત રામ નામનું રટણ કરતો રહેતો. આથી તેના દ્વારા વણાયેલા કપડાનું મુલ્ય ઘણું વધી જતું. તે જ્યારે કોઈ પણ સ્થળે ચાલીને યાત્રા/પ્રવાસ કરતો, ત્યારે પણ તે સતત રામ નામનું રટણ કર્યા કરતો. આને કારણે, કબીરની શ્રી રામ પ્રભુ પ્રત્યે કેટલી નિષ્ઠાપૂર્ણ ભક્તિ છે તેની જાણ આખા દેશના

લોકોને થવા લાગી.

તેની પ્રભુ રામ પ્રત્યેની ભક્તિની વાત રાજાને કાને પહોંચી. રાજાને જાણવા મળ્યું કે કબીર બહુ ગરીબ છે અને જીવન ગુજરાન ચલાવવા તેની પાસે કશુંયે આધારભૂત એવી બાબતો નથી. તે અનાથ છે તેમ સમજી રાજાએ તેને માટે એક પાલખીમાં પૈસા, કપડા અને અનાજ-પાણી મોકલી આપ્યા. નદીએથી સ્નાન કરીને, કબીર જ્યારે ઘરે પાછો ફર્યો ત્યારે તેણે જોયું કે ચાર લોકો પાલખી તેના ઘર તરફ લાવી રહ્યા હતા. તેને આશ્ચર્ય થયું અને તેણે પાલખી ધારકોને પૂછ્યું, "તમે ચાર જણા-આટલી પાલખી ઉચકીને, આ શું લાવ્યા છો? અમે તો બધા વ્યવસ્થિત છીએ", તમે ચાર જણા આ શું ઉચકીને ફરો છો? મૃત શરીર. કબીર, રાજાને એવો સંદેશો આપવા માગતો હતો કે તેને ચાર જણા ઉચકીને લઈ જવા માટે પાલખીની જરૂર નથી કારણ કે તે તો ઓલ રાઈટ છે. પછી પાલખી ધારકોએ કહ્યું, "જી, રાજાએ અમને આદેશ આપ્યો છે કે, તમે અનાથ છો તેથી આ બધી ચીજ-વસ્તુઓ તમને સોંપવી". કબીરે વળતો જવાબ આપતા કહ્યું, "ઓહ ! શું રાજાએ એવું કહ્યું છે ! શું રાજાએ એમ કહ્યું કે આ બધી ચીજો મને આપવી કારણ કે હું અનાથ છું ?. વારૂ, મારો નાથ પ્રભુ રામ છે અને આથી હું કાંઈ અનાથ નથી. હકીકતમાં રાજા પોતે જ અનાથ છે કારણ તેની ઉપર તેનો કોઈ નાથ નથી. આથી, તમે આ બધી ચીજો પ્રભુ રામને આપો.

જુઓ, કબીરના આ કથનમાં કેટલો ગહન અર્થ રહેલો છે ! આ વિશ્વમાં એવું કોઈ નથી જે અનાથ હોય, કારણ દરેકને માટે ઈશ્વર તો નાથ જ છે. બધાનો નાથ ગણો-માલિક ગણો- ધણી ગણો-માસ્ટર ગણો- એ ઈશ્વર જ છે. જો કોઈ અનાથ હોય તો તે ઈશ્વર પોતે જ છે, કારણ તેની ઉપર તેનો કોઈ નાથ નથી. વાસ્તવમાં ઈશ્વર એ, નથી માસ્ટર કે નથી રાજા. તે તો રાજા બનાવનારો છે. ઘણા ભક્તો પ્રાર્થના કરે છે, "સ્વામી, મને અનાથ ન બનાવો". હું તેમને કહું છું "મારા વ્હાલા, તું અનાથ નથી. સાચુ કહું તો હું અનાથ છું". ઈશ્વરની પ્રકૃતિ અને એની સત્યતા સમજ્યા વગર, ભક્તો ઈશ્વરને માટે ખોટી સમજો ઉભી કરી, ખોટા અભિપ્રાયો બાંધી લે છે જેની ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા છે, તેને જીવનમાં ક્યારેય કોઈ ખોટ નહીં પડે.

# વેદ પુરુષ સપ્તાહ જ્ઞાન યજ્ઞ

વેદ પુરુષ ભગવાન શ્રી સત્ય સાઈબાબાએ સન્ ૧૯૬૨ માં, નવ દિવસ સુધી નવરાત્રિની ઉજવણી અને સાત દિવસ માટે વેદ પુરુષ જ્ઞાનયજ્ઞ સપ્તાહની પવિત્ર પરંપરા જે શરૂ કરીહતી, તે ચાલુ વર્ષે પણ પ્રશાંતિ નિયલમ ખાતે સંપન્ન થઈ.

૧૭ ઓક્ટોબર ૨૦૨૦-નવરાત્રિનાપ્રથમ દિવસે, દિવ્યમાતાની નવ દિવસ સુધી ચાલનાર પૂજા-ઉપાસનાની ઉજવણીની શરૂઆત ભજનમંદિરમાં 'કલશ સ્થાપના' કરીને કરવામાં આવી.

મંદિરના પૂજારી દ્વારા ભજનમંદિરમાં બે દિવસ પૂજા કરાયા બાદ, ૧૯ મી ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ, શોભાયાત્રા સાથે કળશને પૂર્ણચંદ્ર ઓડીટોરીયમમાં લઈ જવામાં આવ્યો. નાદસ્વરમ્ વાદ્યસંગીત-શોભાયાત્રાની આગળ હતું જ્યારે પાછળના ભાગમાં વેદગાનાર ઋત્વિકો અને પ્રશાંતિ વેદગૃપ ચાલતુ હતું. પૂર્ણચંદ્ર ઓડીટોરીયમમાં બનાવેલ યજ્ઞમંડપમાં કળશની સ્થાપના કરવામાં આવી. ખૂબ જ સુંદર રીતે શણગારેલ યજ્ઞશાળામાં પૂજારીઓ અને વેદગૃપના વિદ્યાર્થીઓએ પોતાનું સ્થાન લીધા બાદ વેદગાન શરૂ થયું અને ઓડીટોરીયમનું વાતાવરણ પવિત્ર ગાનના પડઘાઓથી ગુંજવા લાગ્યું. એટલામાં એક બાજુ, પવિત્ર યજ્ઞાગ્નિ પ્રગટાવવા માટે બે પુજારીઓએ વિધિવિધાન પૂર્વક, બે કાષ્ઠોના ઘર્ષણનું કાર્ય શરૂ કર્યું. જ્યારે અગ્નિ પ્રગટ્યો ત્યારે તેને યજ્ઞ કુંડમાં, પવિત્ર વેદગાન સહ સ્થાનાપન્ન કરવામાં આવ્યો. આ પછી તરત જ, ચાર પૂજારીઓએ, વૈદિક મંત્રો સહિત યજ્ઞકુંડમાં આહુતિઓ આપવાનું શરૂ કર્યું. તો બીજા ચાર પૂજારીઓએ કૃષ્ણયજુર્વેદના પવિત્ર મંત્રોનું પઠણ શરૂ કર્યું.એની સાથે સાથે, પરંપરાનુંસાર અન્ય વિધિ/ક્રિયાઓ શરૂ થઈ ગઈ. આ રીતે, વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ થાય તે માટે અને સર્વ દિશાઓમાં આધ્યાત્મિક સ્પંદનોના થકી વાતાવરણનેપવિત્ર બનાવવાના હેતુથી વેદપુરુષ સપ્તાહ જ્ઞાનયજ્ઞ શરૂ થયો.

સવારનું આ સત્ર પુરૂ થતાં ભગવાનની સવારે ૧૦-૪૫ કલાકે આરતી ઉતારવામાં આવી. આરતી બાદ, પૂજારીઓએ યજ્ઞવિધિ ચાલુ રાખ્યો, ત્યારે ભક્તોએ યજ્ઞ સ્થળે દર્શન અને નમસ્કાર કરવા આવવાનું શરૂ કર્યું. આમ છ દિવસ સુધી યજ્ઞ ચાલુ રહ્યો.

વિજ્યાદશમીએ તાઃ૨૫ ઓકટોબર ૨૦૨૦ ના રોજ, યજ્ઞની પૂર્ણાહુતિ નિમિત્તે (છેલ્લી) પૂર્ણાહુતિ અર્પણ કરવામાં આવી. યજ્ઞની પૂર્ણાહૂતિની વિધિ, પૂર્ણચંદ્ર ઓડીટોરીયમમાં ઋત્વિકોના આગમન બાદ શરૂ થઈ. ઋત્વિકો, તેમની સાથે પૂર્ણાહુતિ (હોમવાની)ની પવિત્ર સામગ્રી અને એક ધારની (મોટી ચમચી) લાવ્યા હતાં.બધી તૈયારી પૂર્ણ થયા બાદ, યજ્ઞકુંડની પાસે

વેદપુરૂષ ભગવાન શ્રી સત્ય સાઈબાબાને માટે, ચાંદીની ખુરશી મૂકવામાં આવી. મુખ્ય પૂજારી અને તેમની ભાર્યા, યજ્ઞકુંડની ફરતે ફેરા ફર્યા અને ઉચ્ચૈઘોષી વેદ પઠણ અને મંગલ વાદ્યોની સુરાવલીઓ સાથે સવારે ૧૦-૨૦ કલાકે, તેમણે પૂર્ણાહુતિની સામગ્રીની યજ્ઞકુંડમાં આહૂતિ આપી. આ પછી મંદિરના ભજન ગૃપ દ્વારા ભજન શરૂ કરાયા બાદ, પૂજારીઓ અને વિદ્યાર્થીઓ ઓડીટોરીયમમાં ચારે તરફ, બધા ભક્તો ઉપર કળશનું પવિત્ર જળ છંટકાવ કરવાનું શરૂ કર્યું. સવારે ૧૧-૦૦ વાગે ભગવાનની આરતી ઉતારવામાં આવી અને આમ આ યજ્ઞની સુખદ સંપન્નતા થઈ.

## ભગવાન શ્રી સત્ય સાઈ બાબા ની અલૌકિક દુનિયા

**- એસ. એન.નાગાનંદ**

ત્રેતાયુગમાં, ભગવાનને દિવ્ય રૂપમાં દર્શાવવા માટે ભગવાને રામ તરીકે અવતાર ધારણ કર્યો હતો. આ જન્મ દ્વારા એ દર્શાવવું હતું કે જો વ્યક્તિ જન્મ અને મરણના ચક્રમાંથી મુક્તિ મેળવવા ઈચ્છા રાખતી હોય તો ધર્મ (પ્રામાણિકતા) જ ભગવાન અને માનવજાત તરફ દોરી જતો સાચો રસ્તો છે. દ્વાપર યુગમાં, ભગવાન શ્રીકૃષ્ણએ માનવ સ્વરૂપે અવતરીને જાહેર કર્યું કે જ્યારે જ્યારે ધર્મનું પતન થશે, ત્યારે ત્યારે "તેઓ" ધર્મને ફરીથી સ્થાપિત કરવા માટે અવતાર ધારણ કરશે.

**યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત !**

**અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ.॥**<u>અવતારો ધર્મની સ્થાપના અને માણસોની સુધારણા માટે આવે છે.</u> બંને અવતારોએ અસંખ્ય લીલાઓ દ્વારા અને તેના સાચા માર્ગના અનુસરણ દ્વારા માનવતાનું દ્રષ્ટાંત પૂરું પાડેલ છે. "પુરાણો" માં વિસ્તારપૂર્વક તેમની વાર્તાઓ "રામાયણ" અને "મહાભારત" જેવાં મહાકાવ્યો દ્વારા ફરી-ફરીથી દર્શાવેલ છે. આ બંને કૃતિઓ ભારતના ધરોહર ની કથા છે જે વિશ્વભરના વારસા જેવી છે દુનિયાભરમાં હજી પણ એ પ્રખ્યાત છે અને એના અવતરણો આપણા દૈનિક જીવનમાં પૂજ્યભાવ અને માર્ગદર્શનના સ્રોત તરીકે ચાલુ રહેશે. છતાં પણ, આ બે અવતારોના સમયગાળાઓ દરમ્યાન આપણી પાસે આધુનિક ટેકનોલોજી નહોતી, શીખવાના અને સાચવવા ના સાધનો નહોતા, તેના કારણે આ વાર્તાઓ આપણે મૂળ સ્વરૂપે આપણા વંશજો માટે જાળવી શક્યા નથી. જેને કારણે એવી અટકળો થતી રહી છે કે આ બંને અવતારોની કથાઓ સાચી છે કે કાલ્પનિક. તેમ છતાં, મોટા પ્રમાણમાં મળેલા પુરાતત્વીય પુરાવાઓના પ્રમાણો અને ઘટનાઓ પ્રમાણિત કરે છે કે એ બંને મહાકાવ્યો ની કથાઓ શંકાઓ થી પર છે અને અવતારોએ તેમના કાર્યકાળ દરમિયાન

તેમની ભૂમિકાઓ ભજવી જ હતી. ગુજરાત દરિયા કિનારા કાંઠે દ્વારકા નજીક પાણીની અંદરની પુરાતત્વીય શોધખોળથી શ્રીકૃષ્ણના જીવન વિશેના વિવિધ પ્રકારના માળખાઓ મળતાં તેમના અસ્તિત્વને સાબિત કર્યું છે. તાજેતરમાં જ, રામસેતુ કેસમાં, ભારતની સર્વોચ્ચ અદાલતે એ પ્રશ્ન હાથ ધરવો પડ્યો હતો કે ભારતથી શ્રીલંકા સુધી પુલ બનાવવામાં આવ્યો હતો અને તેના પુરાતત્વીય પુરાવા પણ મળ્યા હતા. કેટલાક હજારો વર્ષ પછી આ બેઉ અવતારોના ભૂમિકાના પુરાવાઓની કવાયત તેમને મજબૂત કરવા માટે હાથ ધરવામાં આવી હતી.

કળિયુગમાં, કે જેમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તેમાં આપણે બે અવતારોથી આશીર્વાદ પામ્યા છીએ. આ બે અવતારોમાં એક છે ૧૯મી સદીના શિરડી વાળા સાઈબાબા અને બીજા છે ૨૦મી સદીના પુટ્ટપર્થી ના ભગવાન શ્રી સત્ય સાઈબાબા. શ્રી સત્ય સાઈબાબા - સત્યનારાયણ રાજુ તરીકે ૨૩મી નવેમ્બર ૧૯૨૬ના રોજ પુટ્ટપર્થીના નાનકડા ગામમાં જન્મ્યા હતા, કે જે દક્ષિણ ભારતના, આંધ્રપ્રદેશ રાજ્યના, અનંતપુર જિલ્લાનું એક સૌમ્ય કુટુંબ હતું. યુવાનવયથી જ બાબા અલૌકિક શક્તિઓનું પ્રદર્શન કરતા હતા, જેનાથી તેના કુટુંબીજનો, મિત્રો અને શિક્ષકો પણ આશ્ચર્યચકિત થતા હતા. આ બાબતોનું સારી રીતે દસ્તાવેજીકરણ થયેલ છે. તેમના જન્મના ૧૪મા વર્ષે બાબાએ તેમના વંશ માટેના દસ્તાવેજીકરણ ની કથા શરૂ કરી. તેમના અવતાર ની ભૂમિકા તેમણે એક હસ્તલિખિત પત્ર માં સંબોધન કરીને શરૂઆત કરી. તેમાં તેમણે જણાવ્યું કે તે કોઈ પણ કુટુંબ કે કોઈની પણ સાથે સંકળાયેલા નથી. તેઓ ફક્ત માનવજાતને દુન્યવી દુઃખોથી છુટકારો અપાવવા માટે આવ્યા હતા. બાબા થોડા વર્ષો સુધી શાળાએ ગયા હતા પરંતુ તેમણે તેમનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ કર્યું નહોતું. તેમ છતાં આજે આપણે જોઈ શકીએ છીએ કે તેમણે "વિશ્વ શિક્ષક" ની ભૂમિકા ભજવી છે.

પુટ્ટપર્થી ગામ અત્યંત પછાત હતું. ત્યાં શાળા, હોસ્પિટલ કે રસ્તાઓ નહોતા. ત્યાં પહોંચવા માટે કોઈપણ વ્યક્તિએ પગે ચાલીને કે બળદગાડામાં જવું પડતું હતું. આ પૃષ્ઠભૂમિમાં આપણે એવી જાહેરાત કરીએ કે બાબા "વિશ્વગુરુ" છે અને દુનિયાને સંદેશ આપવા આવ્યા છે, તો તે બાબત દરેક માટે ખરેખર આશ્ચર્ય ઉપજાવે છે.**<u>સરળ વેદાંત.</u>**

બાબાએ તેમનું મિશન કેવી રીતે શરૂ કર્યું ? એમણે એની શરૂઆત ગીત, સંગીત અને ભજનોથી કરી. કારણ કે ગામડાંનો સામાન્ય માણસ પણ એનાથી આકર્ષિત થાય. બાબાએ સૌપ્રથમ આ ભજન રચ્યું હતું- "માનસ ભજ રે ગુરુચરણમ્''. બાબા પોતાના આ અમર ભજનને સદીઓ સુધી ગાતા રહ્યા. ગુરુના ચરણોમાં વંદન કરવું એ જીવનમાં પ્રગતિનો માર્ગ છે. વેદાંત આપણને શીખવે છે કે કોઈપણ વ્યક્તિએ આધ્યાત્મિક પ્રગતિ કરવી હોય તો "ગુરુ" પૂર્વશરત છે. માનવ જન્મના અંતિમ લક્ષ્યની અનુભૂતિ પણ એ જ છે. તે

ભગવાનનો અનુભવ કરવા માટે તેમનામાં ભળી જવા માટે છે. આવા સાદા શબ્દોથી, ઉપનિષદના ઉચ્ચ વિચારોથી બાબા સામાન્ય માણસોને તેમનો સંદેશો આપતા હતા. બાબાની આ જ ભણાવવાની રીત હતી. એમણે દરેક ધર્મના ઉપદેશોને સરળ ભાષામાં ઉતાર્યા અને સામાન્ય માણસ તેનું સહેલાઈથી પાલન કરે તેવા બનાવ્યા. બાબાની આ લાક્ષણિકતા, આપણને બાબાના તમામ લખાણો, ગીતો, ભજનો અને સંવાદોમાં એમના પૃથ્વી પરના માનવ સ્વરૂપમાં જીવનપર્યંત જોવા મળી.

પાંચ માનવ મૂલ્યો જેમકે, સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસાનો વૈશ્વિક પ્રસાર કરવા માટે બાબાએ એક સામયિક શરૂ કર્યું. તેનું નામ આપ્યું "સનાતન સારથિ". એનો અર્થ "શાશ્વત રીતે આપણને દોરી જનાર" થાય છે. જીવન એ મુસાફરી છે. આ મુસાફરીને આનંદદાયક અને આરામદાયક બનાવવાની જરૂરિયાત છે. જેથી આપણને મુસાફરીનો ભાર લાગે નહીં. એ કરવા માટે આપણને કેટલીક માર્ગદર્શિકાઓ ની જરૂર પડે છે. તેથી બાબાએ મોટા અક્ષરોથી, તેલુગુ ભાષામાં સનાતન સારથિમાં લેખો લખવાની શરૂઆત કરી. આ લેખો દર મહિને પ્રસિદ્ધ થતાં અને છેલ્લાં ૫૦ વર્ષોથી આજે પણ પ્રસિદ્ધ થાય છે. આ
સામયિક, બાબાના વિશ્વભરના ભક્તો સાથે વાર્તાલાપનો મુખ્ય આધારસ્તંભ બન્યું. હવે આ સામયિક ઘણી બધી ભારતીય અને વિદેશી ભાષાઓમાં લખાય છે અને વિશ્વભરમાં પ્રસિદ્ધ થાય છે. શરૂઆતના વર્ષોમાં, બાબા આ સામયિકની મોટાભાગની બાબતો લખતા અને એમાંના ઘણા પુસ્તકો કે દસ્તાવેજો, સત્યસાઈ આર્ચીવ્ઝ પુટ્ટપર્થી નિલયમ માં છે. અંગ્રેજી અને બીજી ભાષાઓમાં આ કૃતિઓનું ભાષાંતર બાબાના પસંદગીના ભક્તો દ્વારા કરાયું છે. એ બધામાં સૌથી આગળ પડતી વ્યક્તિ છે: પ્રો. એન. કસ્તુરી. ઘણા વર્ષો સુધી તેઓ બાબા ના સાનિધ્યમાં પ્રશાંતિ નિલયમ ખાતે વિશેષાધિકાર ભોગવતા હતા. તેઓ સનાતન સારથિ સામયિકનું ભાષાંતરની જવાબદારી નિભાવતા હતા. એટલું જ નહીં બાબાની અન્ય કૃતિઓ જેવી કે "રામકથા રસવાહિની" અને અન્ય બીજી ૧૪ વાહિનીઓ કે જે બાબા તેલુગુ ભાષામાં લખતા હતા, તેનું પણ ભાષાંતર કરતા હતા. પ્રો. એન. કસ્તુરીને બાબાના જીવનચરિત્રકાર તરીકે પણ બાબાના આશીર્વાદ મળ્યા હતા. તે બાદ એમણે બાબાનું જીવન ચરિત્ર "સત્યમ્ શિવમ્ સુન્દરમ્" ના શીર્ષક હેઠળ લખ્યું હતું.

**ભક્તો માટેનો વિશાળ આધ્યાત્મિક ખજાનો.**

બાબાની, એમના ભક્તો અને દુનિયા માટે જો કોઇ ભેટ અને આશીર્વાદ હોય તો તે બાબાના પ્રવચનો છે. મોટા ભાગના પ્રવચનો તેલુગુ ભાષામાં છે. જેનું ભાષાંતર કરીને પ્રકાશિત કરવામાં આવેલ છે અને તે ગ્રંથો “શ્રી સત્ય સાઈ સ્પીક્સ્” તરીકે ઓળખાય છે. વિદ્યાર્થીઓના ઉનાળુ અભ્યાસક્રમો દરમ્યાન બાબાના દૈનિક પ્રવચનો બ્રિંદાવન, વ્હાઈટફિલ્ડ, બેંગલુરુ ખાતે યોજાતાં. તે એક

મહાન ઉપદેશો છે. તે શ્રેણીબદ્ધ છે. તેનું શીર્ષક છે: "સમર સોવર્સ ઈન બિંદાવન".

બાબાના પ્રવચનોમાં અસંખ્ય કહેવતો હોય છે. શરૂઆત " ઓકા ચીન્ના કથા" (એક નાનકડી વાર્તા) થી કરતા. એમની દરેક કથાઓમાં બોધપાઠ છે. બાળકો સહેલાઈથી સમજી શકે તેવી રોજબરોજની ઘટનાઓ રજૂ કરતા. વડીલો માટે એમાં ખાસ મૂલ્યોનો સંદેશ હોય છે. જેનાથી એમને દૈનિક જીવનમાં સમર્થન મળે. આ બધી વાર્તાઓનું સંકલન આપણને એમનાં ઘણાં ગ્રંથોમાં જોવા મળે છે. ઘણાં બધા લોકો બાબાની નિકટતાથી આશીર્વાદ પામેલા છે અને એમના દર્શન એમણે કેમેરા વિડીયો વગેરેમાં સંગ્રહ કરેલ છે. બંને ઓડિયો અને વિડીયો માં રેકોર્ડ કરેલા ૧૦૦૦( હજાર) કરતાં વધુ ભગવાનના પ્રવચનો પ્રાપ્ય છે. બાબા ના તમામ ભાષણોમાં કોઈ સમાનતા નથી. તેનો પ્રારંભ તેઓ સામાન્ય રીતે પ્રેરણાદાયી નાની કવિતાના ભાષાંતરથી કરતા હતા. આ ભાષાંતર અમૂર્ત વેદાંતથી લઈને રોજબરોજના અનુભવો અને વિવિધ શ્રેણીમાં વણાયેલા હતા. તેમાં બધા ધર્મોની આધ્યાત્મિક પ્રગતિ માટેની સુચનાઓ હોય છે. એમના સંદેશમાં સંપૂર્ણ સુમેળ હોય છે. વિદ્યાર્થીઓ સમક્ષ કરવાના પ્રવચનોમાં ખાસ પ્રકારની રસાસ્વાદની વાર્તાઓ, સારાં ચરિત્રો, વ્યવહારુ સલાહ, સમાજસેવા, ભક્તિ, આત્મવિશ્વાસ, સખત મહેનત, રમત, શિક્ષકો અને વડીલોને માન આપવું વગેરે બાબતોનો સમાવેશ કરતા. વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમ્યાન બાબા એવું વર્તન કરતા કે દરેક વિદ્યાર્થીને લાગે કે જાણે બાબા તેમને વ્યક્તિગત સલાહ આપી રહ્યા છે. જ્યારે બાબા સાથે વ્યક્તિગત સંપર્ક કરવો શક્ય હતો ત્યારે બાબાએ ઘણા બધા ભક્તોને વ્યક્તિગત ઇન્ટરવ્યુઓ આપ્યાં હતાં. તેઓ તેમની ઘણી બધી શંકાઓનું સમાધાન પણ તેમની આગવી રીતે કરતા હતા. ઘણા બધા ભક્તોને તેમના વ્યક્તિગત જીવનમાં પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમને એવો પણ અહેસાસ કરાવતા કે બાબા તેમના નજીકના સંબંધી છે અને તેઓ તેમની હર હંમેશ સંભાળ રાખે છે.

## સરળતાથી સમજી શકાય તે રીતે શીખવવાની ભગવાનની રીત.

બાબાનો સંદેશ ચપળ અને અર્થ સભર હતો એમણે શબ્દસમૂહોને વાક્ય રચનામાં એવી રીતે વણી લીધા હતા કે તે સમજવામાં અને અમલ કરવામાં સરળ લાગે. જેમ કે: "સૌને પ્રેમ કરો, સૌની સેવા કરો", "હંમેશાં મદદરૂપ થાઓ, કોઈને કદી દુઃખ ન પહોંચાડો'', ''સેવા માટે લંબાયેલા હાથો, પ્રાર્થના કરનારા હોઠો કરતાં વધુ પવિત્ર છે", "માનવ સેવા એ જ માધવ સેવા છે." વગેરે. આ બધા સનાતન ધર્મના અર્ક કાઢેલા શાણપણના ઉપદેશો છે. જેના સિદ્ધાંતો શાશ્વત અને સાર્વત્રિક છે. તે બધા વેદો અને ઉપનિષદોનો નિચોડ અને પદાર્થ છે. આ પ્રવચનોની શિક્ષણની એક શૈલીપણ છે. વેદોના સંદેશના પ્રસંગો અને તેમના અર્થોને

સરળીકરણ કરી ટૂંકા શબ્દસમૂહો દરેકની સમજણ માટે બનાવ્યા. વધુ ગંભીર આકાંક્ષીઓ માટે શાસ્ત્રોનું વિગતવાર દર્શન ઉપનિષદ વાહિની જેવી વાહિનીઓમાં દર્શાવીને સરળ ભાષામાં વ્યક્ત કરે છે. તેનો મૂળગ્રંથો સાથે સુમેળ છે. બીજી ગીતા વાહિની ભગવદ્ ગીતાના રહસ્યોને સુંદર રીતે મૂળ સંદેશને જીવંત રસની સાથે તારી આવે એવું કરેલ છે.

રામ કથા રસવાહિનીના બે ગ્રંથો ભગવાન રામની વાર્તા અલગ રીતે જ સમજાવે છે. એ-વાલ્મિકી રામાયણ અને પુરાણોના મૂળગ્રંથોમાં જે કથાઓનો ક્રમ છે તેને જાળવે છે. પરંતુ દરેક પરિસ્થિતિ થકી રામાયણનો સંદેશ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. તેમાં ખાસ કરીને બોધપાઠ અને નીતિશાસ્ત્રને જડિત રાખે છે. એમાં સંવાદો શક્તિશાળી અને સ્પષ્ટ છે અને એમાંથી પાત્રોનો કરૂણાભાવ, રમૂજ અને લાગણીઓ બહાર લાવે છે. બાબાએ મહાકાવ્યોને તેમના પાત્રો દ્વારા નવજીવન આપેલ છે અને ઘણા અણધાર્યા ખેલાડીઓને પણ બોધપાઠ ના તાણાંવાણાંમાં વણી લીધા છે.

જે ભક્તોની પેઢીઓના સારા નસીબ છે, સ્વામીજી ના આશીર્વાદ છે તેમણે દૈવી અનુભવોનો લાભ મેળવ્યો છે જે અમૂલ્ય છે. બાબાના પ્રવચનો અને પરસ્પર સંવાદોના ફોટાઓ અને વિડિયો, સારા જીવન માટે જરૂરી છે. બાબા રચિત પાંચ આવશ્યક માનવમૂલ્યો સારા જીવનના આધારસ્તંભ છે. એક નવું ચાલવા શીખતું બાળક, વિદ્યાર્થી, ગૃહસ્થ અને ત્યાગી માટે ભગવાન સુલભ હતા અને એમની દરકાર કરતા હતા. તેમણે માનવતા માટે જે વારસો છોડી દીધો છે તે ખરેખર અમૂલ્ય છે. બાબા દ્વારા આપવામાં આવેલા વિશાળ આધ્યાત્મિક ખજાનાથી સાધકો સારો અધ્યાત્મિક નફો મેળવી શકે છે. બાબા અત્યંત વ્યવહારુ હતા. એમણે સાધનાના ત્રણ માર્ગો જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગનું સંયોજન કર્યું (જે આપણા સંગઠનની ત્રણ પાંખો છે). એમણે સમજાવ્યું કે દરેક માનવે સમાજમાં રહેવું જોઈએ, પોતાની અપેક્ષિત ભૂમિકા ભજવવી, એકલતાની ભાવના જાળવવી અને કોઇની પણ સાથે આશક્ત ન થવું. એમણે કહ્યું "સમાજમાં હાથ અને વનમાં મન". આપણી ફરજ બજાવતી વખતે પણ તે ભગવાનને અર્પણ કરવાની જરૂરત છે. તે કોઈપણ જાતની અપેક્ષા વિના પરિણામ ભગવાન પર છોડી દો. આ રીતની ભક્તિમય સેવા કરવાનું વલણ બાબાએ એમના ઘણાં પ્રવચનોમાં દર્શાવ્યું છે. ભક્તિમય સેવા જ તમને દિવ્ય નો અનુભવ કરવામાં સક્ષમ બનાવશે. ભગવાન બધા જીવોમાં રહે છે. જ્યારે આપણે આ અનુભૂતિ કરીએ ત્યારે જ આપણી કરુણાં અનહદ રહેશે અને આપણાં જીવનમાં કોઈ વિરોધાભાસ ઉભો થઇ શકશે નહીં. આ ભગવાન તરફનો માર્ગ છે. બધા પ્રત્યે પ્રેમ માનવજાતને અવિરત પણે ભગવાન તરફ દોરી જાય છે. આ ભગવાન શ્રી સત્ય સાઈબાબાની અલૌકિક દુનિયા

છે....................... આવો, ચાલો આપણે એમના ગહન ઉપદેશોને શીખીએ, સમજીએ અને તેને આપણાં જીવનમાં આચરણમાં મૂકીએ. આ ભગવાન તરફનો માર્ગ છે.

**- લેખક - શ્રી સત્ય સાઈ સેન્ટ્રલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે**



Love All Serve All ॐ શ્રી સાઈ રામ Help Ever Hurt Never

**શ્રી સત્ય સાઈ સંગઠન, પરીવારના સૌ ભાઈ - બહેનોને**

**દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ**

**અને**

**નવું વર્ષ - મંગલદાયી, સમૃધ્ધિદાયી, સ્વાસ્થ્યપ્રદાયી બની રહે**

**એજ શુભકામનાઓ**

॥ સમસ્ત લોકાઃ સુખીનો ભવન્તુ ॥

# .....તંત્રી સ્થાનેથી.....

સનાતન સારથીના સૌ સભાસદોને જય સાઈરામ

સાહિત્ય/પુસ્તકો એ માનવીનો સૌથી સારો મિત્ર છે. સારૂ સાહિત્ય/સારા પુસ્તકોનું વાંચન એ તો મનનો ખોરાક છે. સારા વાંચનથી વિચારો ઘડાય છે, માન્યતાઓ બંધાય છે અને ચારિત્ર્ય નિર્માણ થાય છે.

કમનસીબે, આજકાલ વાંચન પ્રવૃત્તિ મૃતઃપાય થઈ રહી છે. (દૈનિક છાપા કે પાસબૂક (બૂકનો એક પ્રકાર) મોટાભાગે દરેક જણ વાંચે છે. આ પરિસ્થિતિ જો ચાલુ રહી તો સમાજ, યુવાધન ક્યાં જઈને અટકશે તેતો સ્વામી જ જાણે. બીજી વાત એ કે સતસાહિત્ય વાંચવું એ તો સારી જ બાબત છે પરંતુ આપણી પાસે સ્વામીનું સાહિત્ય છે. સાહિત્ય ભગવાનની દિવ્ય વાણી છે, એને કેમ કરીને અવગણી શકાય. સ્વામીનું સાહિત્ય, જો સાઈભક્ત જ ન વાંચે તો કેમ ચાલશે!!!

સંગઠનની ત્રણ પાંખો-આધ્યાત્મિક, સેવાકીય અને શૈક્ષણિક. પહેલી બે પાંખ તો સારી રીતે ચાલે છે. શૈક્ષણિક-પાંખમાં મંદી આવી હોય એવું લાગે છે. શૈક્ષણિક પાંખ એટલે માત્ર બાલવિકાસ જ નહીં. એમાં સાઈ સાહિત્યનું વાંચન પણ આવી જાય છે કારણ એ વાંચન થકી જ આપણે શિક્ષિત થઈએ છીએ.

સ્વામી, ૧૯૬૫ માં આફ્રિકાની મુલાકાતે ગયા હતા એ એકમાત્ર વિદેશગમન સિવાય, સમગ્ર જીવનમાં તેઓ કોઈ વિદેશોમાં ફર્યા નથી. તેમ છતાં આજે સેંકડો દેશોમાં સાઈ ભક્તો છે અને સાઈ પ્રવૃત્તિ પણ છે. એ કેવી રીતે શક્ય છે?? વિદેશી લોકો માત્ર ને માત્ર સાઈ સાહિત્ય વાંચીને જ અભિભૂત થઈને સ્વામી સુધી પહોંચ્યા છે.

યાદ રહે, પુસ્તકો/સાઈ સાહિત્ય, કબાટની શોભા વધારવા માટે નથી. પુસ્તકો પણ નિષ્ક્રિય ન બેસવા જોઈએ. તેમને સક્રિય રાખવા જોઈએ.

મૂળ મુદ્દા પર આવીએ. સનાતન સારથિ એ ભક્ત અને ભગવાન વચ્ચેની કડી છે. Link છે. આપણે સ્વામી સાથે/ઈશ્વર સાથે કનેક્ટેડ રહીએ તે જરૂરી છે. જેમ આપણે મોબાઈલ થકી અનેકજણ સાથે કોન્ટેક્ટમાં રહીએ છીએ તેમજ. બીજુ મોબાઈલને રોજ ચાર્જીંગમાં મૂકવો પડે છે નહી તો બેટરી ઉતરી જાય. તેમ આપણા મનના મોબાઈલને ચાર્જીંગની રોજ જરૂર છે જ. રોજ બે પાના તો બે પાના સાઈ સાહિત્ય / સનાતન સારથિ વાંચવું જ, તો જ મનની બેટરી ફૂલ ચાર્જ રહે.

આ તબક્કે બીજી એક વાત ઉમેરવાનું મન થાય છે.

૯૫ માં જન્મોત્સવે દરેક સાઈભક્ત, કમસે કમ સનાતન સારથિ પરિવારમાં એક નવો સભાસદ જરૂર જોડે (વધુમાં વધુ ૯૫ શકાય) સ્વામી સુધી કોઈકને દોરી લાવવું એ આંગળી ચિંધ્યાના પૂણ્ય કરતાં કાંઈ ઓછું નથી. – અસ્તુ.

સૌને જય સાઈરામ

- તંત્રી

સનાતન સારથિ (ગુજરાતી)

# અતિરૂદ્ર પારાયણ

ગુજરાતના સાઈભક્તોની, ભગવાનના જન્મ દિવસ ઉપર એક અતિરૂદ્ર પારાયણ અર્પણ કરવાની મનોકામના હતી. શુભારંભ ગુરૂપૂર્ણિમા-૫ જુલાઈ૨૦૨૦ થી થયો અને ૧૧ નવેમ્બર ૨૦૨૦ ના રોજ એની પૂર્ણાહૂતિ યોજાઈ.

ગુજરાતની આ રાજ્યસ્તરીય પ્રવૃત્તિમાં ૧૦૦ ભક્તો ભાગ લેશે-એવી અપેક્ષા હતી- એની સામે ૨૦૦ રજીસ્ટર થયા. કુલ ૨૩૦ ભક્તો કે જેમણે રોજ રૂદ્રમ-નમકમ્ + ચમકમ્, શ્રદ્ધા સાથે પઠણ કર્યું.

એક અતિરૂદ્ર પારાયણ એટલે ૧૪૬૪૧ વખત રૂદ્ર પઠણ. પરંતુ ભક્તો વધુ જોડાયા, હિસાબ મંડાણો તો ધ્યાનમાં આવ્યું કે, હવે તો બે અતિરૂદ્ર પારાયણ થાશે.

છેવટે ગણતરી કરી તો ધ્યાનમાં આવ્યું કે, ૧૧ નવેમ્બર સુધી ૩૦૭૪૦ વખત રૂદ્ર પઠણ થયું છે. આનો અર્થ બે રૂદ્ર પારાયણ (૨૯૨૮૨), એક મહારૂદ્ર (૧૩૩૧), એક લઘુરૂદ્ર (૧૨૧) વધુમાં છ રૂદ્રમ એકાદશમ રૂદ્રમ માટે માત્ર પાંચ ખૂટતા હતાં તે પણ જો કે કવર થઈ ગયા.

આમ, આ યજ્ઞમાં દરેક પ્રકારનું રૂદ્ર પારાયણ થયું. આને યોગાનુયોગ ન કહેવાય ! માત્રને માત્ર ભગવાનની અસીમ અસીમ કૃપાથી જ આ શક્ય બન્યું.

રાજ્યકક્ષીય સંગઠન તરફથી સૌને વંદન અને સાઈરામ.

# શ્રી સત્યસાઈ હાર્ટ હોસ્પિટલ્સ્ - રાજકોટ અને અમદાવાદ

ફ્રી કાર્ડિયાક ટ્રીટમેન્ટ આપતી આ બન્ને હોસ્પિટલ્સ્ દ્વારા કોવીડ-૧૯ ના કાળાકેર વચ્ચે પણ હૃદયના દર્દીઓને/બાળકોને સારવાર આપવાની સેવા ચાલુ હતી. માર્ચ થી સપ્ટેમ્બર ૨૦૨૦ આ સમયગાળામાં ૩૦૩ દર્દીઓને નવું જીવન પ્રાપ્ત થયું-તદ્દન નિઃશુલ્ક (૧૩૮ કાર્ડિયાક સારવાર અમદાવાદ હોસ્પિટલ ખાતે જ્યારે ૧૬૫ રાજકોટ હોસ્પિટલ ખાતે).

ગુજરાત ઉપરાંત બિહાર, ઝારખંડ, ઓડીશા, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, રાજસ્થાન જેવા રાજ્યોમાંથી દર્દીઓ સારવાર માટે આવ્યા હતાં.

સુપ્રીમ કોર્ટના જજ થી લઈને જુદા જુદા રાજ્યોના હાઈકોર્ટના જજીસ, અન્ય માન્યવર મહાનુભવો દ્વારા આ હોસ્પિટલ્સ્ ની મુલાકાત લેવાઈ અને સૌ કોઈ 'દિલ વિધાઉટ બીલ' વાળા આ સાચા અર્થના આરોગ્ય સેવા મંદિરો જોઈ મંત્રમુગ્ધ થઈ ગયા.

દર્દીઓ અને ખાસ કરીને બાળકોને હોસ્પિટલમાંથી આનંદ સાથે વિદાય લેતા જોઈને, એમના માતા-પિતા જેઓ એમની ચિંતા અને ટેન્શનને અહીંજ મૂકીને પાછા પોતાને વતન જે સંતોષ સાથે રવાના થતા જોઈને, અનેક મહાનુભવો, આંખના ખુણામાં આંસુને છુપાવતા છુપાવતા ભાવ-વિભોર થઈ જતા.

ભગવાનની અસીમ કૃપા કે ગુજરાતને ફાળે આ બે મોટી હોસ્પિટલ્સ્ મળી, જે ભગવાનના દર્શાવેલા માર્ગ ઉપર ચાલીને નિઃસ્વાર્થ ભાવે મફતમાં સેવા યજ્ઞ ચલાવી રહી છે.

Publication Date : 20/11/2020
**સનાતન સારથિ**
Date of Posting 20th every month
Validity of Licence 31/12/2020

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGE - 28
RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. AND-305/2018-2020
Place of Posting - Dakor

# પ્રેમને વિકસાવો અને દિવ્યતા પામો

ઈશ્વર એ તમારા હૃદયનો સદૈવ નિવાસી છે. માટે તમારા પોતાના હૃદયથી વધુ મહત્વનું કશું જ નથી. તમારે દરેકને પ્રેમ કરવો જોઈએ અને કોઈનો પણ તિરસ્કાર ન કરવો જોઈએ. તેઓ ભલે તમારો તિરસ્કાર કરે, પરંતુ તમારે બીજાઓનો તિરસ્કાર નહીં કરવો જોઈએ. આ જ બાબત મેં મારા જીવનમાં જીવી બતાવી છે. મારું જીવન એ જ મારો સંદેશ છે. કેટલાક લોકો, ભલે મારો તિરસ્કાર કરે અને મારી નિંદા કરે, પરંતુ હું કોઈનો તિરસ્કાર કે નિંદા નહીં કરું.

જ્યારે તમે આ સિદ્ધાંત અપનાવી, તેની પ્રેક્ટિસ કરશો, તો તમે પણ દિવ્યતા પામશો; જેમ સાઈબાબા છે.

-ભગવાન શ્રી સત્ય સાઈબાબા



**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એમ. બોકીલ
''સાઇ આરોહ'' એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.

**મુદ્રક : એલાઇન ગ્રાફીક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.
મો.: ૮૨૩૮૫૮૫૬૫૩